dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-197 | AD-2026, Vaishakh Sud-08 | Friday, Dt.24-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બંને રાજ્યમાં પ્રથમ તબક્કામાં મતદારોએ અભુતપૂર્વ મતદાન કર્યું, અનેક દિગ્ગજોના ભાવિ ઈવીએમમાં કેદ

# રેકોર્ડબ્રેક: પ.બંગાળમાં ૯૧%, તમિલનાડુમાં ૮૪% મતદાન

કોલકાતા,તા.૨૩

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં આજે વિધાનસભા ચૂંટણી માટે ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠકો પર અંદાજે ૯૧ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું છે, જ્યારે તમિલનાડુની તમામ ૨૩૪ બેઠકો પર સરેરાશ ૮૪ ટકા મતદાન થયું છે. સવારથી જ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી, જોકે બપોરના સમયે આકરી ગરમીને કારણે ગતિ થોડી ધીમી પડી હતી. પશ્ચિમ બંગાળમાં સત્તા જાળવી રાખવા મમતા બેનર્જીની ટીએમસી અને સત્તા મેળવવા ભાજપ વચ્ચે આક્રમક જંગ જોવા મળી રહ્યો છે. મતદાન દરમિયાન અનેક સ્થળોએ હિંસાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આસનસોલ દક્ષિણના ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પોલની કાર પર લઘુમતી વિસ્તારમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં તેમની કારને ભારે નુકસાન થયું હતું. બીરભૂમના લાભપુરમાં ભાજપના એજન્ટ બિશ્વજીત મંડલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયા છે.

કુમારગંજના ભાજપ ઉમેદવાર સુવેન્દુ સરકારે પણ આક્ષેપ કર્યો હતો કે તેમના એજન્ટોને બળજબરીથી મતદાન મથકોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. મુર્શિદાબાદમાં ટીએમસી અને અન્ય પક્ષોના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ હતી, જેમાં લાકડીઓ અને પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ હિંસા



વચ્ચે પૂર્વ મેદિનીપુરમાં ૫૮ વર્ષીય મતદાર નિપેન્દ્રનાથ દાસનું મતદાનની લાઈનમાં ઉભા રહેવા દરમિયાન હૃદયરોગના હુમલાથી કરુણ મોત નીપજ્યું હતું.

તમિલનાડુમાં એક જ તબક્કામાં તમામ બેઠકો પર મતદાન થયું હતું. અહીં વરસાદ હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કોઈમ્બતુરની સરકારી આર્ટ્સ કોલેજમાં એક અનોખો નજારો જોવા મળ્યો હતો, જ્યાં એક રોબોટ દ્વારા મતદારોનું સ્વાગત કરી તેમને મીઠાઈ આપવામાં આવતી હતી. આ રોબોટ તે જ કોલેજના વિદ્યાર્થી દ્વારા વિકસાવવામાં આવ્યો હતો.

રાજકીય નેતાઓ અને હસ્તીઓએ પણ લોકશાહીના આ પર્વમાં ભાગ લીધો હતો. કોંગ્રેસ નેતા કાર્તિ ચિદમ્બરમ, ક્રિકેટર રવિચંદ્રન અશ્વિન અને દક્ષિણ ભારતીય સિનેમાના જાણીતા અભિનેતાઓ અરવિંદ સ્વામી અને વિજય સેતુપતિએ ચેન્નાઈમાં મતદાન કર્યું હતું. વિજય સેતુપતિએ જનતાને અપીલ કરી હતી કે મતદાન કરવું એ સૌથી મોટી જવાબદારી છે. રાજ્યના અનેક સ્થળોએ નવદંપતીઓ પણ લગ્નના પોશાકમાં સીધા મતદાન મથકે પહોંચ્યા હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ચૂંટણી દરમિયાન કેટલાક સ્થળોએ EVM મશીનો બગડવાની અને મતદાર યાદીમાં નામ ન હોવાની ફરિયાદો ઉઠી હતી. કૂચબિહારમાં ટીએમસી કાર્યકરોએ રસ્તો રોકી હોબાળો મચાવ્યો હતો, જેને પોલીસે વિખેરી નાખ્યા હતા. મુર્શિદાબાદના નૌડામાં ક્રૂડ બોમ્બ ફેંકવાની ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા હોવાના પણ અહેવાલ છે. કડક સુરક્ષા બંદોબસ્ત અને કેન્દ્રીય દળોની હાજરી હોવા છતાં, રાજકીય અદાવતને કારણે થયેલી હિંસાએ લોકશાહીના આ ઉત્સવ પર થોડો ડાઘ લગાડ્યો છે. હવે તમામની નજર આગામી પરિણામો પર ટકેલી છે.

## દેશભરમાં હીટવેવનો પ્રકોપ: ઓડીશાનું ઝારસુગુડા ૪૪.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ

નવી દિલ્હી,તા.૨૩

ભારતભરમાં ગરમીનું મોજું (હીટવેવ) આક્રમક બન્યું છે, જેમાં ઓડિશાનું ઝારસુગુડા અને મહારાષ્ટ્રનું વર્ધા ૪૪.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે દેશના સૌથી ગરમ શહેરો નોંધાયા છે. બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિતના અડધાથી વધુ રાજ્યોમાં પારો ૪૦ થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહ્યો છે.



તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે વસ્તી ગણતરીની કામગીરી બપોરે ૧૧ થી ૩ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે. દિલ્હીની શાળાઓમાં બાળકોને હાઈડ્રેટેડ રાખવા માટે 'વોટર બેલ' સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. રાજસ્થાનના જયપુરમાં ૨૭ એપ્રિલથી શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે છત્તીસગઢના બિલાસપુરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સમય સવારે ૧૦ વાગ્યે નિર્ધારિત કરાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હરિયાણા, પંજાબ, ચંદીગઢ અને દિલ્હીમાં આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે. જોકે, ઉત્તર-પૂર્વીય રાજ્યો જેવા કે સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વાવાઝોડાની ચેતવણી અપાઈ છે. બીજી તરફ, તેલંગાણા અને આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા છે. પર્વતીય વિસ્તારોમાં બે દિવસ પછી હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહીથી થોડી રાહત મળી શકે છે. હાલમાં ઉત્તર ભારત અને મધ્ય ભારતના મોટાભાગના જિલ્લાઓમાં 'રેડ' અને 'ઓરેન્જ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## પં.બંગાળમાં ૪ મેના રોજ વિજયોત્સવ ઉજવાશે અને ઝાલમુરી વહેંચાશે : પ્રધાનમંત્રી મોદી

કોલકાતા,તા.૨૩

પશ્ચિમ બંગાળના કૃષ્ણનગરમાં આયોજિત 'વિજય સંકલ્પ સભા'ને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૪ મેના રોજ રાજ્યમાં ભાજપની સરકાર બનવા જઈ રહી છે. પીએમ મોદીએ જણાવ્યું કે, આ ચૂંટણીમાં ભય પર વિશ્વાસનો વિજય થઈ રહ્યો છે અને વર્ષોથી દબાયેલા અવાજો હવે પરિવર્તન માટે એકસૂરે બોલી રહ્યા છે. તેમણે શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા બદલ ચૂંટણી



પંચ અને સરકારી કર્મચારીઓની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને તૃણમૂલ કોંગ્રેસ (TMC) પર પ્રહાર કરતા કહ્યું કે બંગાળમાં 'જંગલરાજ' અને ભ્રષ્ટાચારનો અંત નજીક છે. તેમણે સંદેશખાલીની ઘટનાનો ઉલ્લેખ કરી મહિલા સુરક્ષા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. પીએમએ ખાતરી આપી હતી કે જનતાને લૂંટનારાઓ પાસેથી વસૂલાત કરવામાં આવશે અને કાયદો આ જુલમીઓનો હિસાબ લેશે. નમશુદ્ર અને માતુઆ સમુદાયને આશ્વાસન આપતા તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈની નાગરિકતા જોખમાશે નહીં. મહિલાઓ માટે ૧૦ મોટી ગેરંટી: દરેક બ્લોકમાં મહિલા પોલીસ સ્ટેશનની સ્થાપના, મહિલાઓના બેંક ખાતામાં વાર્ષિક રૂ.૩૬,૦૦૦ ની સહાય, ગ્રેજ્યુએશન માટે દીકરીઓને રૂ.૫૦,૦૦૦ ની આર્થિક મદદ, ગર્ભવતી માતાઓને રૂ.૨૧,૦૦૦ અને શિશુ પોષણ માટે રૂ.૩૬,૦૦૦ ની સહાય, આયુષ્માન યોજના હેઠળ રૂ.૫ લાખની મફત સારવાર અને સર્વાઈકલ કેન્સરની મફત રસી. વડાપ્રધાને અંતમાં ઉમેર્યું કે ૪ મેના રોજ ભાજપની જીતની ઉજવણી મીઠાઈ અને બંગાળી નાસ્તો 'ઝાલમુરી' વહેંચીને કરવામાં આવશે.

### ટ્રકની બ્રેક ફેઈલ થવાથી સર્જાઇ કરૂણાંતિકા, ખુશીનો પ્રસંગ શોકમાં ફેરવાયો

## યુપીના મિર્ઝાપુર જિલ્લામાં ગમખ્વાર અકસ્માત, ૧૧ ભડથું

મિર્ઝાપુર,તા.૨૩

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં બુધવારે રાત્રે એક અત્યંત હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં ડ્રાઈવર સહિત કુલ ૧૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મધ્યપ્રદેશથી કપચી ભરીને આવી રહેલા એક બેકાબૂ ટ્રેલરની બ્રેક ફેઈલ થવાને કારણે આ સમગ્ર હોનારત સર્જાઈ હતી. મિર્ઝાપુર-રીવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્થિત ડ્રમડગંજ પોલીસ



સ્ટેશન વિસ્તારના બડકા મોડ પાસે રાત્રે આશરે સાડા નવ વાગ્યે આ અકસ્માત થયો હતો. ઘટનાની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે બોલેરો ગાડીમાં સવાર નવ લોકો જીવતા સળગી ગયા હતા, જેમાં સાત વર્ષનો માસૂમ બાળક અને તેની માતાનો પણ સમાવેશ થાય છે.

આ અકસ્માતની શ્રેણી ત્યારે શરૂ થઈ જ્યારે કપચી ભરેલા ટ્રેલરની બ્રેક ફેઈલ થઈ અને તેણે રસ્તા પર જતી સ્વિફ્ટ કારને અડફેટે લીધી હતી. ત્યારબાદ આ ટ્રેલર અન્ય એક ટ્રક સાથે ધડાકાભેર અથડાયું હતું, જેના કારણે સ્વિફ્ટ કાર બંને ટ્રકોની વચ્ચે કચડાઈ ગઈ હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી બોલેરો ગાડી ટ્રોલામાં ઘૂસી ગઈ અને જોતજોતામાં તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બોલેરોમાં સવાર તમામ મુસાફરો મિર્ઝાપુરના જીગના પોલીસ સ્ટેશનના નરૈના ગામના રહેવાસી હતા અને તેઓ મૈહરથી બાળકનું મુંડન કરાવીને પરત ફરી રહ્યા હતા. ખુશીનો પ્રસંગ માતમના માહોલમાં ફેરવાઈ ગયો હતો કારણ કે આગ એટલી ઝડપથી ફેલાઈ કે કોઈને બહાર નીકળવાની તક સુધ્ધાં મળી નહોતી.

## વડાપ્રધાન મોદી સામે વાંધાજનક ટિપ્પણી બદલ મલ્લિકાર્જુન ખડગેને ચૂંટણી પંચની નોટિસ

નવી દિલ્હી,તા.૨૩

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે વિવાદમાં સપડાયા છે. તમિલનાડુમાં ચૂંટણી પ્રચાર દરમિયાન એક પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ 'આતંકવાદી' શબ્દનો પ્રયોગ કરવા બદલ ચૂંટણી પંચે તેમને કડક નોટિસ ફટકારી છે. પંચે આ મામલે ખડગે પાસે ૨૪ કલાકમાં જવાબ માંગ્યો છે.



ભાજપે આ નિવેદનને આચારસંહિતાનું ગંભીર ઉલ્લંઘન ગણાવી ચૂંટણી પંચમાં લેખિત ફરિયાદ કરી હતી. નિર્મલા સીતારમણ અને કિરેન રિજિજુ સહિતના વરિષ્ઠ નેતાઓએ ખડગે સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. જોકે, વિવાદ વધતા ખડગેએ સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈરાદો વડાપ્રધાનને આતંકવાદી કહેવાનો નહોતો, પરંતુ તેઓ માત્ર મોદી સરકારની ડરાવવાની રાજનીતિનો ઉલ્લેખ કરી રહ્યા હતા. છતાં, આ વિવાદે ચૂંટણીના માહોલમાં ગરમાવો લાવી દીધો છે.





## દિલ્હી મેયર ચૂંટણીમાં ભાજપે ઉમેદવારો જાહેર કર્યા, 'આપ' ચૂંટણીથી દૂર રહેશે

નવી દિલ્હી,તા.૨૩

દિલ્હી મેયર અને ડેપ્યુટી મેયરની આગામી ચૂંટણી માટે ભાજપે પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. મેયર પદ માટે રોહિણી-ઈ વોર્ડના કાઉન્સિલર પરવેશ વાહી અને ડેપ્યુટી મેયર પદ માટે આનંદ વિહારના કાઉન્સિલર મોનિકા પંતને નોમિનેટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સ્થાયી સમિતિ માટે જય ભગવાન યાદવ અને મનીષ ચઢ્ઢાના નામની જાહેરાત કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીએ આ ચૂંટણીમાં ભાગ ન લેવાનો નિર્ણય લેતા ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાય તેવી પૂરી શક્યતા છે. 'આપ' નેતા સૌરભ ભારદ્વાજે જણાવ્યું કે, પાર્ટી વિપક્ષમાં બેસીને ભાજપના શાસન મોડેલનો પર્દાફાશ કરશે. આજે નામાંકન દાખલ કરવાનો છેલ્લો દિવસ હોવાથી તમામ ઉમેદવારો આજે ઉમેદવારી પત્ર ભરશે.



# બાબરાના લુંણકી ગામે રૂ. ૫૫ લાખના ખર્ચે 'સુવિધાપથ' મંજૂર

**ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી ગ્રામજનોને ચોમાસાની હાલાકીમાંથી મળશે મુક્તિ**



બાબરા,તા.૨૩

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લુંણકી ગામ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૫ લાખના ખર્ચે 'સુવિધાપથ' સીસી રોડ મંજૂર કરવામાં આવ્યો છે. ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆતોના પરિણામે લુંણકીથી વાંડળીયા રોડને જોડતા આ નવા માર્ગનું નિર્માણ થશે. વર્ષોથી ખરાબ રસ્તાઓને કારણે ગ્રામજનો, ખેડૂતો અને વિદ્યાર્થીઓને ચોમાસા દરમિયાન ખેતી, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સેવાઓમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ આધુનિક રોડ મંજૂર થતા જ સ્થાનિકોમાં આનંદની લાગણી વ્યાપી છે. ગામના અગ્રણીઓએ આ વિકાસકાર્ય બદલ ધારાસભ્યનો આભાર માન્યો હતો. ધારાસભ્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવી એ તેમની પ્રાથમિકતા છે અને આ રોડથી ગામના વિકાસના નવા દ્વાર ખુલશે.

# મોટી કુંકાવાવમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડતી પોલીસ

મોટી કુંકાવાવ,તા.૨૩

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ દારૂ અને જુગાર જેવી બદીઓ ડામવા માટે એલ.સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલાની ટીમે વડીયા તાલુકાના મોટી કુંકાવાવ ગામે સફળ કામગીરી કરી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઘનશ્યામનગર વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો જ્યાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા સામતભાઈ રાઠોડ, પ્રતાપભાઈ રાઠોડ અને ફુલાભાઈ માવલીયાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.



આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી ૨૬,૮૧૦ની રોકડ રકમ અને ગંજીપત્તા સહિતનો તમામ મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા ત્રણેય શખ્સો વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ માટે તમામ મુદ્દામાલ સાથે તેમને વડીયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

# ગોઢાવદર ખાતે કોંગ્રેસના ઉમેદવારને જંગી લીડ અપાવવા પ્રતાપ દુધાતની હાકલ

લીલીયા,તા.૨૩



લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે આગામી ચૂંટણીના અનુસંધાને કોંગ્રેસ પક્ષ દ્વારા મહત્વની બેઠક અને હાઉસ ટુ હાઉસ જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉમેદવાર ખોડાભાઈ માલવીયાના સમર્થનમાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત અને નીતિનભાઈ ત્રિવેદીએ ગ્રામજનોને સંબોધતા કોંગ્રેસને જંગી બહુમતીથી વિજયી બનાવવા આહવાન કર્યું હતું.

# લાઠીના પીપળવા ગામે ભાજપની ભવ્ય જાહેર સભા : સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય જનક તળાવીયાએ ગજવી સભા

લાઠી,તા.૨૩

લાઠી તાલુકાના પીપળવા ગામે ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનક તળાવીયાએ ઉપસ્થિત રહી પક્ષના વિકાસલક્ષી કાર્યોની રજૂઆત



કરી હતી. આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી યોજાયેલી આ સભામાં ભાજપના ઉમેદવારોને પ્રચંડ જનસમર્થન આપવા અપીલ કરવામાં આવી હતી. નેતાઓએ છેલ્લા વર્ષોમાં માર્ગ, પાણી, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થયેલા પરિવર્તનને ગણાવતા આ વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખવા ભાજપને જીતાડવા અનિવાર્ય ગણાવ્યું હતું.

# અમરેલીમાં દલિત યુવાનના મોત મામલે સમાજમાં આક્રોશ

અમરેલી,તા.૨૩

અમરેલીમાં દલિત યુવાનના રહસ્યમય મોત બાદ સર્જાયેલું ગતિરોધ બીજા દિવસે પણ યથાવત રહ્યું છે, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ દોડતી થઈ છે. મૃતકના પરિવારજનો અને દલિત સમાજના આગેવાનોએ સ્પષ્ટ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી મુખ્ય આરોપી ભરત આચાર્ય અને તેના સાથીદારો સામે સીધી રીતે હત્યાનો ગુન્હો નોંધવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. પરિવારનો આક્ષેપ છે કે હોસ્પિટલના અન્નક્ષેત્રમાં વધેલા ભોજન જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં યુવાનને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો જે તેના મૃત્યુનું કારણ બન્યું છે. બીજી તરફ પોલીસ વિભાગ પેનલ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહ્યો છે.

# ખાંભા-અમરેલી રોડ પર પીંગલવીર હનુમાનજી મંદિર પાસે ટ્રક અકસ્માત



ખાંભા,તા.૨૩

ખાંભા નજીક અમરેલી રોડ પર આવેલ સુપ્રસિદ્ધ પીંગલવીર હનુમાનજી મંદિર પાસે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. અમરેલી તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકના ચાલકે અચાનક સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક સીધો મંદિરની દિવાલ સાથે ધડાકાભેર અથડાયો હતો. આ અકસ્માતમાં મંદિરની દિવાલને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ ન થતા સૌએ રાહતનો શ્વાસ લીધો છે. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. આ ઘટનાને પગલે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો માંગ કરી રહ્યા છે કે ધાર્મિક સ્થળો પાસે જ્યાં વૃદ્ધો અને બાળકોની અવરજવર વધુ હોય ત્યાં રોડની બંને તરફ ૫૦૦ મીટર દૂર મોટા બમ્પ બનાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવી શકાય.

**સ્થાનિક નાગરિકો, યુવાઓ, મહિલાઓ તથા પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા**

# સાવરકુંડલાના શિવાજીનગરમાં મહેશ કસવાલાની જાહેર સભા યોજાઈ

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામાં ભારતીય જનતા પાર્ટીના જનસમર્થનમાં વોર્ડ નં. ૨ અને ઉના શિવાજીનગર વિસ્તારમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ભવ્ય જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાહેરસભામાં મહેશભાઈ કસવાલાએ વિકાસલક્ષી કાર્યોની વિસ્તૃત માહિતી આપી




અને ભવિષ્યમાં વધુ ઝડપી વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'સાવરકુંડલાની જનતાની લાગણી એ મારો સંકલ્પ છે, અને આ સંકલ્પને નવાઈ નહીં પરંતુ સત્ય અને સ્વચ્છ વિકાસમાં પરિવર્તિત કરવો એ મારો ધ્યેય છે.' તેમણે વિરોધીઓ પર પ્રહાર કરતા કહ્યું હતું કે ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોનો સ્પષ્ટ જવાબ જનતા સામે છે અને ખોટી રાજનીતિ કરનારાઓને જનતા જડબાતોડ જવાબ આપશે. આ સભામાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, યુવાઓ, મહિલાઓ તથા પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




# મોટા આંકડિયા બેઠક પર કોંગ્રેસના અશોક ચાવડાના સમર્થનમાં પ્રચાર તેજ

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લા પંચાયતની પ્રતિષ્ઠાભરી મોટા આંકડિયા બેઠક પર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર અશોક ચાવડાના સમર્થનમાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી અને મનીષ ભંડેરીએ કમર કસી છે. ગાવડકા ગામે યોજાયેલી જંગી જાહેરસભામાં જનમેદની ઉમટી પડી હતી, જ્યાં 'ભાજપ ભગાવો, આત્મસન્માન બચાવો'ના નારા ગુંજ્યા હતા. પીપલ ગામે ડોર-ટુ-ડોર



પ્રચાર દરમિયાન સ્થાનિકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. રાજુભાઈ સોલંકી અને ડાયાભાઈ મહેતા જેવા આગેવાનોની હાજરીમાં ખેડૂત વિરોધી નીતિઓ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. મતદારોમાં પરિવર્તનનો મિજાજ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે અને અશોક ચાવડાની જીત માટે કોંગ્રેસે ઝંઝાવતી પ્રચાર દ્વારા પકડ મજબૂત બનાવી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

પ્રવિણચંદ્ર જેઠાલાલ અજમેરા (ઉ.વ:૮૪) તે શૈલેષભાઈ પ્રવિણચંદ્ર અજમેરા ના પિતાશ્રી અને ચીમનભાઈ જેઠાલાલ અજમેરા ના ભાઈ નું તા: ૨૦/૪/૨૬ સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગત નું બેસણું તા: ૨૪/૪/૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૧૦:30 થી ૧૨:૦૦ કલાકે કમાબાપા દોશી વાડી, દેરાસર શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

જયાબેન ભીમજીભાઈ પરમાર (ઉ.વ:૯૭) તે ભરતભાઈ ભીમજીભાઈ પરમાર ના ના માતુશ્રી નુ તા:૨૨/૪/૨૬ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા:૨૪/૪/૨૬ ને શુક્રવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે પારેખવાડી કોર્નરવાડી ઉપર નો વિભાગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કિશોરચંદ્ર નાનજીભાઈ પટેલ (કાનાણી) તે લાભુભાઈ નાનજીભાઈ કાનાણી . દિનેશ ભાઈ નાનજીભાઈ કાનાણી અને મહેશ ભાઈ નાનજીભાઈ કાનાણીના ભાઈ નું તા: ૨૧/૪/૨૬ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા.૨૫/૪/૨૬ શનિવાર ના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે. પટેલ વિદ્યાર્થી આશ્રમ (પટેલ બોંડિંગ) રેલ્વે સ્ટેશનની સામે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.




## -// જાહેર નોટીસ //-

આથી અમો વકીલ શ્રી હિરેન સી.કાલાવડીયા, બી.એ., એલ.એલ.બી.-એડવોકેટ, અમરેલી વાળા (મો) ૮૧૬૦૬૨૯૨૫૪ ને અમારા અસીલો (૧) ડાભી મૌલિક દિનેશભાઈ, ઉ.વ.૨૨, ધંધો : કડીયાકામ તથા (૨) ડાભી વિવેક દિનેશભાઈ, ઉ.વ.૨૧, ધંધો : કડીયાકામ, રહે. બંને "ડાભી નિવાસ", કુંકાવાવ રોડ, સુળીયોટીંબો, જેશીંગપરા, અમરેલી-૩૬૫૬૦૧ વાળાની મળેલ સુચના અને ફરમાઈશથી જાહેર જનતા જોગ તથા લાગતા વળગતાઓ તમામને આ જાહેર નોટીસ આપીએ છીએ કે,

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમાં વડેરા રોડ રસ્તે "વિજયનગર-૧" માં આવેલ પ્લોટ, રે.સ.નં.૯૪૪ પૈકી, પ્લોટ નં.૯ અને ૧૦, હેતુ : રહેણાંક, કુલ ચો.મી. ૨૩૩-૬૦ વાળા પ્લોટ હરજીભાઈ રાયસીંગભાઈ હળવદીયા ના નામે ચાલે છે અને તેઓ કુંકાવાવ રોડ, અમરેલી મુકામે રહે છે.

ઉપરોકત બંને પ્લોટો ઉપરોકત ખાતેદાર પાસેથી અમોના અસીલ (૧) ડાભી મૌલિક દિનેશભાઈ તથા (૨) ડાભી વિવેક દિનેશભાઈ એ વેચાણ લેવા સાટુ કરેલ છે અને સદરહું બંને પ્લોટોનો દસ્તાવેજ કરાવવા અમારા અસિલ માંગતા હોય સદરહું પ્લોટોનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવતા પહેલા સદરહું પ્લોટો પરત્વે કે તેમની માલિકી હકક બાબતે કે કોઈપણ પ્રકારના વાંધા-વચકા, લાગભાગ, હક-હિત-હિસ્સો, દર-દાવા, લેણું, કરજ, બોજો, ગીરો, વારસાઈ હકક કે કબજા હકક કે અન્ય કોઈ હિત સંકળ ગયેલ હોય કતો અમારા અદિવસને દિન-૭ માં લેખીતમાં વાંધા-વચકાના પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. દિન-૭ વિત્યે એટલેકે મુદત વિત્યા બાદ કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી, ખાનગી-સહકારી મંડળી વિગેરે કોઈપણનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી તેમ સમજવાનું રહેશે અને હોય તો સ્વૈચ્છાએ જતો (Waive) કરેલ છે તેમ માની ઉપલબ્ધ ટાઈટલ ડીસ તેમજ ઈફલકસ ઓફ ટાઈમનો સિધ્ધાંત અને ડોકટ્રેઈન ઓફ એસ્ટોપલ ધ્યાને લઈ અમારા બંને અસિલો (૧) ડાભી મૌલિક દિનેશભાઈ તથા (૨) ડાભી વિવેક દિનેશભાઈ ઉપરોકત બંને પ્લોટોના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે ત્યારબાદનાં વાંધા-તકરાર અમારા અસિલોને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ નોંધ લેવી.

અમારા અસીલોની સુચના અને ફરમાઈશ મુજબ

સ્થળ:- અમરેલી
તા.૨૪/૦૪/૨૦૨૬

(એચ.સી.કાલાવડીયા)
એડવોકેટ-અમરેલી



મરજી મુજબની લોકલ બસની માંગણી કરી મહિલા ડેપો મેનેજર સાથે તોછડુ વર્તન કર્યુ હતુ

# બગસરામાં એસ.ટી.ડ્રાઈવરે ડેપો મેનેજરને મારી નાખવાની ધમકી આપતા ચકચાર

બગસરા,તા.૨૩

બગસરા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા ડેપો મેનેજર નિમીષાબેન સમરથદાન ગઢવીએ ડ્રાઈવર રામકુભાઈ બાબુભાઈ વાળા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ડેપો મેનેજર દ્વારા આરોપી ડ્રાઈવરને સુરત રૂટ પર બસ લઈ જવાની સૂચના આપવામાં આવી હતી. આરોપી ડ્રાઈવર પોતાની ફરજ પર ગેરહાજર રહ્યો હતો. ત્યારબાદ તારીખ ૨૩/૦૩/૨૦૨૬ના રોજ ફરી ઓફિસમાં આવી પોતાની મરજી મુજબ લોકલ રૂટની માંગણી કરી તોછડું વર્તન કર્યું હતું. આ ગેરશિસ્ત બદલ ડેપો મેનેજરે વિભાગીય નિયામકને રિપોર્ટ કરતા ગત તારીખ ૨૧/૦૪/૨૦૨૬ના રોજ વિભાગીય પરિવહન અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસની જાણ થતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તારીખ ૨૨/૦૪/૨૦૨૬ના રોજ બપોરના સમયે ડેપોના ક્લાર્ક સુરેશભાઈ મકવાણાના મોબાઈલ પર ફોન કરીને મહિલા અધિકારી તથા સાહેદને બિભત્સ ગાળો આપી હતી. આરોપીએ ફોન પર જ જોઈ લેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા કાયદાકીય મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું છે. આ બાબતે બગસરા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર કે.જી. મયા દ્વારા તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડિયાનો અમરેલી જિલ્લામાં ચૂંટણી પ્રચાર

અમરેલી,તા.૨૩



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલમાં ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડિયાએ અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સભાઓ ગજવી ભાજપના ઉમેદવારો માટે પ્રચંડ જનસમર્થન માંગ્યું હતું. તેમણે કુકાવાવ ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારોના સમર્થનમાં વિરાટ સભા સંબોધી કાર્યકરોમાં ઉત્સાહ ભર્યો હતો. ત્યારબાદ બગસરામાં નગરપાલિકાના ઉમેદવારો માટે જાહેર સભા અને સાવરકુંડલામાં કાર્યકરો સાથે બેઠક યોજી માર્ગદર્શન આપ્યું હતું. જાફરાબાદના ટીંબી ખાતે આયોજિત પ્રબોધ સંમેલનમાં ગેડિયાએ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસકાર્યોની વિગતવાર માહિતી આપી હતી. આ પ્રવાસમાં જિલ્લા પ્રભારી અભયસિંહ ચૌહાણ અને ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત અનેક વરિષ્ઠ આગેવાનો જોડાયા હતા. ગૌતમભાઈએ પોતાની આગવી વકતૃત્વ શૈલીમાં મતદારોને ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા ભાવભરી અપીલ કરી હતી.

# ચમારડીની શાળાનો વિદ્યાર્થી NMMS પરીક્ષામાં ઝળક્યો

અમરેલી,તા.૨૩



કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત ધોરણ ૮ ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની 'નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ' (NMMS) પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં બાબરા તાલુકાની શ્રી ચમારડી પે સેન્ટર શાળાના તેજસ્વી વિદ્યાર્થી મનીષ પરશુભાઈ પરમારે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. મનીષે કુલ ૧૮૦ ગુણમાંથી ૧૨૪ ગુણ મેળવીને સમગ્ર બાબરા તાલુકામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# રાજુલાની પૂંજાબાપુ ગૌશાળામાં ગૌસેવા દ્વારા પુણ્યનું ભાથું બાંધતું રાજુલા મિત્ર મંડળ

રાજુલા,તા.૨૩



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં આવેલી પૂંજાબાપુ ગૌશાળા વર્ષોથી બિનવારસી અને અશક્ત ગાયોની સેવા માટે જાણીતી છે, જ્યાં મુંબઈના વણિક મહાજનથી લઈને સ્થાનિક શ્રેષ્ઠીઓનો સહયોગ મળી રહ્યો છે. આ પરંપરાને આગળ ધપાવતા ગત ૨૧ એપ્રિલ ૨૦૨૬, મંગળવારના રોજ રાજુલા મિત્ર મંડળના જયદેવસિંહ ગોહિલ, ભાવેશભાઈ વડ અને દીપકભાઈ ઠક્કર સહિતના સભ્યોએ ગૌશાળાની ગાયોને ૩૦૦૦ કિલો તરબૂચ તથા ૩૦૦ કિલો લીલા શાકભાજી ખવડાવી આશીર્વાદ મેળવ્યા હતા. સનાતન ધર્મમાં ગૌસેવાનું વિશેષ મહત્ત્વ છે, ત્યારે આવનારી પેઢીને માત્ર ભૌતિક સંપત્તિ જ નહીં પરંતુ સેવા અને પુણ્યનો વારસો પણ આપવો જોઈએ એવા ઉમદા ઉદ્દેશ્ય સાથે મિત્ર મંડળ દ્વારા આ સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

# પેન્શનરોએ તા. ૧ સુધીમાં નજીકની પોસ્ટ ઓફિસમાં હયાતી કરાવી લેવી

અમરેલી,તા.૨૩

ગુજરાત સરકાર હંમેશા પેન્શનરોની સુખાકારી અને સુવિધા માટે અત્યંત પ્રતિબદ્ધ રહી છે. સામાન્ય રીતે પેન્શનરોએ દર વર્ષે પોતાની હયાતીની ખાતરી કરાવવી અનિવાર્ય હોય છે. આ પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે હવે ડિજિટલ હયાતીની એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત પેન્શનરો પોતાની નજીકની પોસ્ટ ઓફિસમાં જઈને ખૂબ જ સરળતાથી હયાતી નોંધાવી શકશે. આ મહત્વપૂર્ણ સુવિધાનો પ્રારંભ આગામી તા. ૧ મે, ૨૦૨૬થી થવા જઈ રહ્યો છે. આ નવી વ્યવસ્થાથી વડીલોને તિજોરી કચેરી સુધી લાંબા ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે. જિલ્લા તિજોરી કચેરી દ્વારા એક યાદી બહાર પાડીને તમામ પેન્શનરોને આ આધુનિક સેવાનો મહત્તમ લાભ લેવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# સા.કુંડલાના વાંશિયાળી ગામે પાણી નાખવા બાબતે મારામારી

ત્રણ શખ્સોએ ફરિયાદી અને સાહેદને ઢીકાપાટુનો માર માર્યો

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા તાલુકાના વાંશીયાળી ગામે બે દિવસ પહેલાના રોજ રાત્રે આઠ વાગ્યે ઘટના બની હતી. આ મામલે મજૂરીકામ કરતા ૪૦ વર્ષીય રામજીભાઈ વશરામભાઈ વાઘેલાએ વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવની હકીકત એવી છે કે ફરિયાદીના સાહેદના ઘર પાસેની શેરીમાં વાસણ સાફ કરી રહ્યા હતા ત્યારે આરોપી બકુલભાઈ માધાભાઈ વાઘેલાએ ત્યાં આવી રસ્તા પર પાણી કેમ નાખો છો તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી ઉગ્ર બનતા બકુલભાઈએ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. જ્યારે ફરિયાદી વચ્ચે છોડાવવા પડ્યા ત્યારે આરોપીએ અન્ય બે શખ્સો કાળુભાઈ ઉર્ફે પ્રતાપભાઈ અને રણજીતભાઈને બોલાવી ફરિયાદી તથા સાહેદને મુંઢ માર મારી ધક્કો મારી નીચે પાડી દીધા હતા. આ ત્રણેય આરોપીઓ સામે વંડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

નવા ખીજડીયાના રહીશનું ઘઉંની ગુણી પડતા મોત થયુ હતુ

# અમરેલી માર્કેટીંગ યાર્ડમાં બે વર્ષ પહેલા મૃતકનું પીએમ ન કરાવવા બદલ ફરિયાદ

પોલીસે જાણ કર્યા વગર અંતિમવિધી કરી નાખતા ૪ લોકો સામે ગૂનો નોંધ્યો

અમરેલી,તા.૨૩

અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામના રહેવાસી જયંતિભાઈ જીવરાજભાઈ ભેસાણીયા ગત તા.૦૭/૦૯/૨૦૨૪ના રોજ નવા માર્કેટીંગ યાર્ડ ખાતે મજુરી કામ કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ઘઉંની થેલીઓની થપ્પી તેમના પર પડતા તેઓ દબાઈ ગયા હતા અને ગૂંગળામણ થતા ગંભીર હાલતમાં પ્રથમ અમરેલી અને ત્યારબાદ રાજકોટની હોસ્પિટલમાં ખસેડાયા હતા. છેવટે અમરેલીની નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તા.૧૭/૦૯/૨૦૨૪ના રોજ તેમનું નિધન થયું હતું. આ અંગે અમરેલી તાલુકા પોલીસ મથકે અકસ્માત મોત નંબર ૩૭/૨૦૨૪ મુજબ ગુનો નોંધાયેલ છે. આ કેસમાં મુખ્ય આરોપી મેહુલભાઈ જયંતીભાઈ ભેસાણીયા, ભરતભાઈ દિનેશભાઈ કણક, અભય રમેશભાઈ પાથર અને મનીષ લવજીભાઈ ભેંસાણીયાએ મરનારની લાશનું કાયદેસરનું પોસ્ટ મોર્ટમ કરાવવાની જવાબદારી હોવા છતાં, કોઈ પણ જાણ કર્યા વગર અંતિમવિધિ કરી નાખી હતી. આરોપીઓએ રાજ્ય સેવક સમક્ષ મૃત્યુ અંગેની સાચી માહિતી જાહેર ન કરી કાયદાકીય પ્રક્રિયાથી બચવા માટે એકબીજાની મદદગારી કરી ગુન્હો આચર્યો હોવાનું સામે આવ્યું છે.




# સાવરકુંડલામાં આઈપીએલ પર સટ્ટો રમતા શખ્સની એલસીબીએ અટકાયત કરી

પોલીસને રૂા.૧.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી,તા.૨૩



અમરેલી એલસીબીની ટીમે તારીખ ૨૨/૦૪/૨૬ના રોજ રાત્રિના ૦૧:૩૦ કલાકે દરોડો પાડીને ક્રિકેટ સટ્ટાના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન સાવરકુંડલાના નુરાનીનગર વિસ્તારમાં રહેતા રૂસ્તમભાઈ ઉર્ફે બાવલો હબીબભાઈ કુરેશીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી પોતાના મોબાઈલ ફોનમાં 'Swastik Live TV' નામની એપ્લિકેશનનો ઉપયોગ કરીને સનરાઈઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહેલી આઈ.પી.એલ. મેચ પર હાર-જીતનો જુગાર રમાડતો હતો. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં મહુવાના જીતુભાઈ મગનલાલ મારૂ અને મહેશભાઈ જેન્તીલાલ મહેતા પણ સંડોવાયેલા હોવાનું ખુલ્યું છે જેઓ ફોન દ્વારા હાર-જીતનો રનફેરનો ભાવ મેળવી સટ્ટો રમતા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂપિયા ૧,૨૩,૫૦૫નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં એક લાખની કિંમતનો સ્માર્ટફોન અને ૨૩,૫૦૦ની રોકડ રકમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સટ્ટાના હિસાબવાળી કાપલી, બોલપેન અને મેચના ભાવ દર્શાવતા સ્ક્રીનશોટ પણ પુરાવા તરીકે કબજે કરવામાં આવ્યા છે. હાલમાં તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.







**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૯૪/૨૫ તા.૧૮/૦૪/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી છગનભાઈ નાથાભાઈ ઘાડીયા
રહે. એમ.જી.રોડ, નિકોલ, અમદાવાદ.
(૨) વિવાદીના વકીલ શ્રી એફ.કે.ઠેબા, રહે.બગસરા
મો. ૯૯૨૫૫૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
માવજીંજવા, તા.બગસરા, જિ.અમરેલી

-// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી છગનભાઈ નાથાભાઈ ઘાડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૧ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા મુકામે જન્મ/~~મરણ~~ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/~~મરણ~~ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૦૬/૦૫/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા



**જનસભામાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, કાર્યકરો અને પક્ષના સમર્થકો ઉમટી પડ્યા**

# કોટડાપીઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે ભાજપની જનસભા

બાબરા,તા.૨૩

બાબરા તાલુકાના કોટડાપીઠા વિસ્તારમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની માટે ભાજપ દ્વારા જનસભા યોજાઈ હતી. આ જનસભામાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, કાર્યકરો અને પક્ષના સમર્થકો ઉમટી પડ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ધારાસભ્ય જનક તળાવિયાએ સંબોધતા વિસ્તારમાં છેલ્લા



કેટલાક વર્ષોમાં થયેલા વિકાસકાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે માર્ગ વ્યવસ્થા, પીવાનું પાણી, શિક્ષણ અને આરોગ્ય જેવી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે. વિકાસના આ કાર્યને વધુ ગતિ આપવા માટે જનતાનો સહકાર ખૂબ જ જરૂરી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સંબોધનમાં લોકહિતના કાર્યો અને સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે મતદારોને સજાગ બનીને યોગ્ય નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો અને વિકાસને પ્રાથમિકતા આપનાર ઉમેદવારોને સમર્થન આપવા આહ્વાન કર્યું હતું. ધારાસભ્ય જનક તળાવિયાએ ભાજપના ઉમેદવારોના સમર્થનમાં મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકાસના કાર્યને સતત આગળ વધારવા માટે સ્થિર અને પ્રતિબદ્ધ નેતૃત્વ જરૂરી છે, જે ભાજપ પક્ષ આપી શકે છે.

**ચાર વર્ષ પહેલા લાઠી પોલીસમાં ફરિયાદ થઈ હતી**

# જુના મનદુઃખમાં બાબરાના યુવાન પર ધારીયા વડે હુમલો

બાબરા,તા.૨૩

બાબરામાં નાના બસ સ્ટેન્ડ પાસે ગત તા. ૨૧/૦૪/૨૦૨૬ના રોજ બપોરે સાડા બારેક વાગ્યે હુમલાની ગંભીર ઘટના બની હતી. દેવરાજીયાના રહેવાસી વિશાલભાઈ બધાભાઈ ગોહીલ પોતાના મોટર સાયકલ પર હતા, ત્યારે જૂની અદાવત રાખી આરોપી મધુભાઈ જગાભાઈ ગોહીલે પાછળથી આવી ધારીયા વડે હુમલો કર્યો હતો. વર્ષ ૨૦૨૨ માં થયેલ ઝઘડાનું મનદુઃખ રાખી આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં ઘા કરવા પ્રયાસ કર્યો હતો. જોકે, ફરિયાદીએ ડાબો હાથ આડો રાખતા ગંભીર ઈજા થઈ હતી અને માંસ બહાર નીકળી આવ્યું હતુ. આરોપીએ વધુ ત્રણ-ચાર ઘા મારી પડખાના ભાગે પણ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ફરિયાદી વિશાલભાઈએ આરોપી મધુભાઈ સામે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા બાબરા પીએસઆઈ ડાંગરે તપાસ હાથ ધરી છે.

# ખાંભાના અનીડા ગામેથી યુવક, રાજુલા વિસ્તારમાંથી યુવતી ગૂમ

ખાંભા,તા.૨૩

ખાંભાના અનીડા ગામે મજૂરી કામ કરતા તિખલાભાઈ મુકામસિંહ ચૌહાણના ૨૦ વર્ષીય પુત્ર કિશોરભાઈ ગત તારીખ ૨૪/૦૩/૨૦૨૬ના રોજ સવારના આશરે આઠ વાગ્યાની આસપાસ અનીડાથી સાવરકુંડલા નોકરી પર જવાનું કહીને નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ પરત ન ફરતા પરિવારે શોધખોળ હાથ ધરી હતી પરંતુ આજદિન સુધી કોઈ ભાળ મળી નથી. આ અંગે ખાંભા પોલીસ મથકે અનાર્મ હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી દ્વારા વિધિવત ગુમ નોંધ દાખલ કરવામાં આવી છે. રાજુલા વિસ્તારમાં રહેતા ભીખુભાઈ જોખીયાની પુત્રી આફ્રીનબેન ગત તારીખ ૨૧/૦૪/૨૦૨૬ના રોજ બપોરે આશરે સવા એક વાગ્યે પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. આ બાબતે તેમના પિતાએ રાજુલા પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે.

# સાવરકુંડલા-લીલીયામાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાની જંગી સભાઓ

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલા, જૂના સાવર અને લીલીયા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં આદસંગ, ઘનશ્યામનગર, ધાર



અને ધજડી જેવા ગામોમાં જંગી જાહેર સભાઓ અને લોકસંપર્ક બેઠકો યોજાઈ હતી. આ બેઠકો દરમિયાન ધારાસભ્યએ સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ સાંભળી હતી અને રાજ્ય સરકારના વિકાસ કાર્યોની વિગતો રજૂ કરી હતી. તેમણે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને ભવ્ય બહુમતીથી વિજયી બનાવવા જનતાને અપીલ કરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં જનસમર્થનનો ભારે જ્વાર જોવા મળી રહ્યો છે અને કાર્યકરોમાં પણ નવી ઊર્જાનો સંચાર થયો છે.

# બાબરા તાલુકાના નાની કુંડળ ગામે જીઓ નેટવર્કના ધાંધિયા

**મોંઘા રિચાર્જ છતાં સુવિધા શૂન્ય મોબાઈલધારકોમાં રોષ**

બાબરા,તા.૨૩

બાબરા તાલુકાના નાની કુંડળ ગામે છેલ્લા બે મહિનાથી જીઓ ટાવરના ધાંધિયાને કારણે ગ્રાહકો ભારે પરેશાન થઈ રહ્યા છે. જવાબદાર અધિકારીઓને ગ્રાહકોના રિચાર્જ પૂરા થવાની તો જાણ હોય છે, પરંતુ નેટવર્ક અને કોલિંગની સમસ્યા ઉકેલવામાં તેમનું પેટનું પાણી પણ હલતું નથી. ગ્રાહકો મોંઘા દાટ રિચાર્જ કરાવે છે છતાં 5G તો દૂર, 4G ના પણ ફાફા પડી રહ્યા છે. એસી ઓફિસોમાં બેઠેલા અધિકારીઓની આ નિષ્ક્રિયતાને કારણે હવે કંટાળેલા ગ્રામજનો મજબૂરીમાં પોતાના નંબર અન્ય કંપનીમાં પોર્ટ (MNP) કરાવી રહ્યા છે.

# લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ભાજપી ઉમેદવારોના સમર્થનમાં બેઠક યોજાઈ

લીલીયા,તા.૨૩

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ભાજપની એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ સભામાં ઉપસ્થિત અગ્રણીઓએ જિલ્લા પંચાયતના ઉમેદવાર જીગ્નેશભાઈ સાવજ અને તાલુકા પંચાયતના ઉમેદવાર ગૌરીબેન વિજયભાઈ ગજેરાને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે ગ્રામજનોને જાહેર




હાકલ કરી હતી. આ પ્રસંગે બાબુભાઈ ધામત, વિજયભાઈ ગજેરા અને ભીખાભાઈ ધોરાજીયા સહિતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગામ લોકોએ ઉત્સાહભેર હાજરી આપી ભાજપના પક્ષમાં માહોલ બનાવ્યો હતો.

# જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે વીજશોક લાગતા યુવક ગંભીર રીતે દાઝ્યો

જાફરાબાદ,તા.૨૩

જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે આવેલી ફર્સ્ટ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સાઈટ પર તારીખ ૧૧/૦૩/૨૦૨૬ના રોજ એક કરુણ અકસ્માત સર્જાયો હતો. મૂળ મધ્યપ્રદેશના અને હાલ રાજુલા ખાતે રહેતા ૨૮ વર્ષીય જય પ્રમોદ નારખેડે સવારના સમયે પોતાની ફરજ પર હતા. આશરે અગિયાર વાગ્યાના સુમારે ૬૬ કે.વી.ની લાઈન શટડાઉન હોવાનો મેસેજ મળતા તેઓ અન્ય સાથીદારો સાથે પોલ પાસે ગયા હતા. જયભાઈ પોલ પર સીરીયલ નંબર જોવા માટે ચડ્યા હતા અને જ્યારે તેઓ મોબાઈલ ફોનથી ફોટો પાડી રહ્યા હતા ત્યારે અચાનક તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઈલેક્ટ્રિક શોક લાગવાને કારણે તેઓ ઊંચાઈ પરથી નીચે પટકાયા હતા જેમાં તેમને કમરથી ઉપરના ભાગે અને મોઢા પર ગંભીર રીતે દાઝી ગયા હતા. આ બનાવની જાણ જયભાઈના પત્ની દિપ્તીબેને નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં કરી છે.

# સુરતથી વિકળીયા જતા પરિવારને સુવાગઢ ગામ પાસે અકસ્માત

**ટ્રેક્ટર ચાલકે કારને ટક્કર મારતા મહિલાને ગંભીર ઈજા**

દામનગર,તા.૨૩

મંગળવારના રોજ બપોરે આશરે સાડા ચાર વાગ્યાની આસપાસ દામનગર નજીક સુવાગઢ ગામના પાટીયા પાસે એક ગંભીર અકસ્માતની ઘટના બની હતી. આ મામલે સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા રેખાબેન જેશીંગભાઈ વાણીયાએ ફરિયાદ નોંધાવી છે. વિગતો મુજબ રેખાબેન તેમના બે પુત્રો પ્રતિત અને પ્રભાત સાથે બલેનો ગાડીમાં સુરતથી વિકળીયા તરફ જઈ રહ્યા હતા. તે સમયે સુવાગઢ ચોકડી પાસે એક અજાણ્યા ટ્રેક્ટર ચાલકે પોતાનું વાહન અત્યંત પુરપાટ ઝડપે અને નિષ્કાળજીપૂર્વક ચલાવી બલેનો કાર સાથે ધડાકાભેર અથડાવ્યું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે કાર રોડની બાજુમાં ખાળીયામાં ઉતરી ગઈ હતી. અકસ્માતમાં રેખાબેનને ગંભીર અને મુંઢ ઈજાઓ પહોંચી છે, જ્યારે ટ્રેક્ટર ચાલક અકસ્માત સર્જીને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. આ અંગે દામનગર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: આઠમ
તા.૨૪-૦૪-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૭,
સૂર્યાસ્ત-૦૬:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

**તા.૨૪-૦૪-૨૦૨૬ શુક્રવાર**

મેષ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ -પણ જોઈ શકો છો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે.

ધન: આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો.

મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મીન: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

# લીલીયા અનુ. જાતિ સમાજ દ્વારા પૂર્વ સરપંચ જીવનભાઈ વોરાનું સન્માન

લીલીયા,તા.૨૩

લીલીયા મોટા ખાતે તાજેતરમાં એક પ્રેરણાદાયી કાર્યક્રમ સંપન્ન થયો હતો. ડો. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ જીવનભાઈ વોરાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સુંદર આયોજન ડો. બાબાસાહેબ આંબેડકર યુવા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ



સરપંચે તેમના કાર્યકાળ દરમિયાન અનુસૂચિત જાતિના વિસ્તારોમાં પાયાની સુવિધાઓ અને નોંધપાત્ર વિકાસના કાર્યો કરીને જનતાના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. સમાજના આગેવાનોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે જીવનભાઈ માત્ર રાજકીય રીતે જ નહીં પરંતુ સામાજિક સ્તરે પણ દરેક સુખ-દુઃખના પ્રસંગોમાં હંમેશા અગ્રેસર રહી સમાજ સાથે અતૂટ નાતો જાળવી રાખ્યો છે.કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલો, યુવાનો અને આગેવાનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક જીવનભાઈને પુષ્પહાર પહેરાવી અને શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું હતું.

# સા.કુંડલાના આદસંગની પરિણીતાને યુવકે બદનામ કરતા પોલીસ ફરિયાદ

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલાના આદસંગ ગામના રહેવાસી વિલાસબેન પટગીરે માલપરાના હરેશ મીઠાભાઈ સાંડીસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરીયાદી અને આરોપી વચ્ચે અગાઉના સંબંધો પૂરા થઈ ગયા હોવા છતાં, આરોપી સતત પીછો કરી રહ્યો છે. આરોપીએ ફરીયાદીના પતિને ફોન પર ગાળો આપી ખોટા એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, હરેશે ફરીયાદીની આબરૂ લેવાના બદઈરાદાથી તેના ફોટા અને વીડિયો ઈન્સ્ટાગ્રામ તથા ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યા હતા. આરોપી ફરીયાદીને પરાણે સંબંધ રાખવા મજબૂર કરી માનસિક ત્રાસ આપી રહ્યો હોવાથી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# બાબરા નજીક કીડી-કરિયાણા માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે વૃધ્ધનું મોત

**મૃતકના પુત્રએ અજાણ્યા વાહનચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા,તા.૨૩

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા હિંમતભાઈ નાનજીભાઈ વણોદિયા ગત તારીખ ૨૧/૦૪/૨૦૨૬ના રોજ જામ બરવાળા ગામે પ્રસંગમાં ગયા હતા. ત્યાંથી તેઓ રાત્રિના આશરે નવેક વાગ્યાના સુમારે કીડી ગામથી કરિયાણા ગામ તરફ ચાલીને જઈ રહ્યા હતા. આ દરમિયાન કરિયાણા ગામ પાસેના પુલ નજીક એક પૂરઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે હિંમતભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં હિંમતભાઈને માથા, કમર અને પગના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહન ચાલક માનવ જિંદગીની પરવા કર્યા વગર ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે મૃતકના પુત્ર સાગરભાઈ અશોકભાઈ વણોદિયાએ અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવી મોત નીપજાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# રાજુલા તાલુકાના કોટડી ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ

**તસ્કરો દાગીના મળી કુલ રૂ.૮૫૦૦૦નો મુદ્દામાલ ઉપાડી ગયા**

રાજુલા,તા.૨૩

રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા કરશનભાઈ પુનાભાઈ સાંખટના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમોએ લાખોની મત્તાની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. તારીખ ૨૧/૦૪/૨૦૨૫ થી ૨૨/૦૪/૨૦૨૬ દરમિયાન બનેલી આ ઘટનામાં તસ્કરોએ મકાનની દીવાલ કૂદી અંદર પ્રવેશ કર્યો હતો. ચોરોએ રૂમના અને ત્યારબાદ અંદર રાખેલી લોખંડની પેટીના નકુચા તોડી કબાટમાં રાખેલ શુટકેસમાંથી સોનાની વિવિધ વીંટીઓ, કરડો, સોનાના દાણા, છીપ, બીજ પારો અને કડીઓ સહિત કુલ ૧૭ ગ્રામથી વધુ સોનાના દાગીનાની ચોરી કરી હતી. આ ઉપરાંત આશરે ૫૦૦ ગ્રામ ચાંદીના ઘરેણાં જેમાં જુડો, કાંબીયુ, લકી અને અન્ય સામાન સહિત ૫૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૮૫,૦૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એસ.બી.જાનીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**તંત્રી લેખ**

# પશ્ચિમ બંગાળ ચૂંટણી: લોકશાહીનો કસોટી

પશ્ચિમ બંગાળની ચૂંટણી હંમેશા ભારતની રાજકીય પરિસ્થિતિ માટે વિશેષ મહત્વ ધરાવે છે. આ રાજ્ય માત્ર રાજકીય સ્પર્ધાનું મેદાન જ નથી, પરંતુ વિચારધારાઓ, સંસ્કૃતિ અને લોકશાહી મૂલ્યોની કસોટી પણ છે. આ વખતે યોજાનારી ચૂંટણી અનેક રીતે નોંધપાત્ર છે, કારણ કે તેમાં સ્થાનિક મુદ્દાઓ સાથે રાષ્ટ્રીય રાજકારણની છાપ પણ સ્પષ્ટ રીતે જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પશ્ચિમ બંગાળમાં રાજકીય સ્પર્ધા વધુ તીવ્ર બની છે. મુખ્યત્વે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર જોવા મળે છે, જ્યારે ડાબેરી પક્ષો અને કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ પરિસ્થિતિ સૂચવે છે કે રાજ્યનું રાજકારણ ધીમે ધીમે દ્વિપક્ષીય સ્વરૂપ ધારણ કરી રહ્યું છે, જ્યાં મતદાતાઓ સ્પષ્ટ વિકલ્પો વચ્ચે પસંદગી કરે છે. આ ચૂંટણીમાં વિકાસ, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહેશે. રાજ્ય સરકારે મહિલાઓ, ખેડૂતો અને ગરીબ વર્ગ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેના આધારે શાસક પક્ષ પોતાનું પ્રદર્શન મજબૂત બતાવવાનો પ્રયાસ કરે છે. બીજી તરફ, વિરોધ પક્ષ પરિવર્તનના નારા સાથે મતદાતાઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યો છે. આ રીતે વિકાસ અને શાસનના મોડલ વચ્ચેની સ્પર્ધા સ્પષ્ટ બની રહી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઓળખ અને સંસ્કૃતિનો મુદ્દો પણ અત્યંત મહત્વનો છે. ભાષા, પરંપરા અને પ્રાદેશિક ગૌરવને રાજકીય રીતે પ્રસ્તુત કરવામાં આવે છે. કેટલાક પક્ષો બંગાળી અસ્મિતાને મજબૂત બનાવવા પર ભાર મૂકે છે, જ્યારે અન્ય પક્ષો રાષ્ટ્રીય એકતાને પ્રાથમિકતા આપે છે. આ દ્વંદ મતદાતાઓના વિચારો અને પસંદગીઓ પર સીધી અસર કરે છે. ચૂંટણી દરમિયાન હિંસા અને તણાવનો મુદ્દો પણ વારંવાર ચર્ચામાં રહે છે. ચૂંટણી પંચ અને સુરક્ષા દળો શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે વિશેષ વ્યવસ્થા કરે છે, છતાં કેટલીક જગ્યાએ રાજકીય અથડામણના બનાવો સામે આવે છે. લોકશાહી માટે આવશ્યક છે કે ચૂંટણી નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે યોજાય, જેથી મતદાતાઓ નિર્ભય રીતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. મહિલા મતદાતાઓ અને યુવાનો આ ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. મહિલાઓ માટેની કલ્યાણકારી યોજનાઓ અને સુરક્ષા મુદ્દાઓ તેમને પ્રભાવિત કરે છે, જ્યારે યુવાનો રોજગાર અને ભવિષ્યની તકો અંગે વધુ સચેત છે. રાજકીય પક્ષો આ બંને વર્ગોને ધ્યાનમાં રાખીને વિશેષ પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્રચાર હવે ચૂંટણીનો અભિન્ન ભાગ બની ગયા છે. પક્ષો પોતાના સંદેશા ઝડપથી મતદાતાઓ સુધી પહોંચાડવા માટે વિવિધ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરે છે. જોકે, આ સાથે ખોટી માહિતી અને અફવાઓ ફેલાવાનો જોખમ પણ વધે છે. તેથી મતદાતાઓએ માહિતીનું મૂલ્યાંકન કરી સમજદારીપૂર્વક નિર્ણય લેવો જરૂરી બને છે. અંતમાં કહી શકાય કે પશ્ચિમ બંગાળની ચૂંટણી માત્ર સત્તા માટેની હરીફાઈ નથી, પરંતુ લોકશાહી મૂલ્યોની સાચી કસોટી છે. મતદાતાઓની જાગૃતિ, શાંતિપૂર્ણ વાતાવરણ અને પારદર્શક પ્રક્રિયા લોકશાહી મજબૂત બનાવે છે. જ્યારે દરેક નાગરિક નિર્ભય રીતે મતદાન કરે છે, ત્યારે જ લોકશાહીની સાચી ભાવના જીવંત રહે છે.

# સૂર્ય કિરણ અને હાઇડ્રોજનનું સંયોજક એટલે પેટ્રોલનો વિકલ્પ




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ખાડી દેશોમાં વધતા યુદ્ધના તણાવને કારણે વિશ્વમાં ઊર્જા સંકટ ઊભું થયું છે. ખાસ કરીને ભારત જેવા ઊર્જા આયાત પર નિર્ભર દેશ માટે આ પરિસ્થિતિ ગંભીર બની શકે છે. તાજેતરના બનાવોમાં ઈરાન દ્વારા ભારતીય જહાજો પર ગોળીબાર જેવી ઘટનાઓએ સ્થિતિ વધુ તંગ બનાવી છે. આવી પરિસ્થિતિમાં આગામી દિવસોમાં ભારતીય જહાજોની અવરજવર પર પ્રતિબંધ આવી શકે તેવી શક્યતાઓ ઉભી થઈ છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થવાની પૂરી શક્યતા છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે વિકલ્પિક ઊર્જા સ્ત્રોતોની શોધ શરૂ કરી છે. રશિયા સહિતના દેશોમાંથી કાચા તેલની આયાત વધારવામાં આવી રહી છે. ઉપરાંત, દેશની અંદર પણ ઊર્જા સંકટનો ઉકેલ લાવવા માટે વિવિધ સંશોધનો ચાલી રહ્યા છે. તેમાં હાઈડ્રોજન ઊર્જા એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે સામે આવી રહી છે. ખાસ કરીને જાપાનમાં થયેલા એક નવા સંશોધનથી વિશ્વને નવી આશા મળી છે. હાઈડ્રોજન એક સ્વચ્છ અને અસરકારક ઈંધણ તરીકે ઓળખાય છે. તે બળે ત્યારે માત્ર પાણીનું બાષ્પ ઉત્પન્ન કરે છે, એટલે કે તેમાં કોઈ કાર્બન ઉત્સર્જન થતું નથી. આજકાલ આપણે પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણનો ઉપયોગ કરીએ છીએ, જે પર્યાવરણને પ્રદૂષિત કરે છે અને ખર્ચાળ પણ છે. હાઈડ્રોજનથી ચાલતા વાહનો અને મશીનો પ્રદૂષણમુક્ત અને વધુ સસ્તા બની શકે છે. પરંતુ અત્યાર સુધી હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પ્રક્રિયા મોંઘી અને જટિલ હતી. આ કારણે તેનો વ્યાપક ઉપયોગ શક્ય નહોતો. હવે જાપાનના વૈજ્ઞાનિકોએ આ સમસ્યાનો સરળ અને સસ્તો ઉકેલ શોધ્યો છે. જાપાનની ક્યુશુ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર તાકાહિરો માત્સુમોતો અને તેમની ટીમે ક્લીન એનર્જી ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ શોધ કરી છે. તેમણે મીથેનોલ, લોખંડના આયન અને સોડિયમ હાઈડ્રોક્સાઇડનું મિશ્રણ બનાવી તેના પર અલ્ટ્રાવાયોલેટ (UV) પ્રકાશ નાખ્યો. આ પ્રક્રિયા દરમિયાન મિશ્રણમાંથી હાઈડ્રોજન ગેસ ઉત્પન્ન થવા લાગ્યો. આ શોધ ખાસ છે કારણ કે તેમાં કોઈ મોટી મશીનરી કે વધારે વીજળીની જરૂર નથી. મીથેનોલ એક સસ્તું દ્રાવક છે, લોખંડના આયન સરળતાથી ઉપલબ્ધ છે અને સોડિયમ હાઈડ્રોક્સાઇડ પણ સામાન્ય રીતે મળે છે. UV પ્રકાશ સૂર્યપ્રકાશથી પણ મળી શકે છે, એટલે આ પ્રક્રિયા વધુ સસ્તી બની જાય છે. હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પરંપરાગત પદ્ધતિઓમાં ઈલેક્ટ્રોલિસિસ અને સ્ટીમ મીથેન રિફોર્મિંગ મુખ્ય છે. ઈલેક્ટ્રોલિસિસમાં પાણીમાંથી હાઈડ્રોજન અલગ કરવા માટે મોટી માત્રામાં વીજળી જરૂરી પડે છે. જો આ વીજળી કોલસાથી બને છે, તો તે પ્રદૂષણકારક બની જાય છે.સ્ટીમ મીથેન રિફોર્મિંગ પદ્ધતિમાં નેચરલ ગેસનો ઉપયોગ થાય છે, જેમાંથી કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન થાય છે. આ બંને પદ્ધતિઓ ખર્ચાળ અને પર્યાવરણ માટે હાનિકારક છે. જાપાનની નવી પદ્ધતિમાં UV પ્રકાશ દ્વારા ફોટોકેટાલિસિસ પ્રક્રિયા થાય છે, જેમાં લોખંડના આયન પ્રતિક્રિયાને ઝડપ આપે છે. આ પદ્ધતિ ઝડપી, સસ્તી અને પર્યાવરણમૈત્રી છે. આ નવી શોધથી આપણા દૈનિક જીવનમાં મોટા ફેરફારો આવી શકે છે. પેટ્રોલ અને ડીઝલ પરનો ખર્ચ ઘટાડાઈ શકે છે. વાહનોમાં હાઈડ્રોજનનો ઉપયોગ થવાથી હવા પ્રદૂષણ ઘટશે અને સ્વચ્છ પર્યાવરણ મળશે. ખેડૂતો માટે ટ્રેક્ટર અને અન્ય મશીનો સસ્તા બનશે. ઉદ્યોગોમાં ઊર્જા ખર્ચ ઘટશે. શહેરોમાં ધુમાડો અને પ્રદૂષણ ઓછું થશે, જેનાથી લોકોના આરોગ્યમાં સુધારો થશે. ભારત જેવા દેશમાં ગામડાઓમાં નાના હાઈડ્રોજન ઉત્પાદન યુનિટ્સ સ્થાપિત કરી શકાય છે, જે ઊર્જા સ્વાવલંબન તરફ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ પ્રક્રિયામાં UV પ્રકાશ લોખંડના આયનને સક્રિય કરે છે. તે મીથેનોલના અણુઓને તોડીને હાઈડ્રોજન ગેસ ઉત્પન્ન કરે છે. સોડિયમ હાઈડ્રોક્સાઇડ આ પ્રતિક્રિયાને સરળ બનાવે છે. આ એક પુનરાવર્તિત પ્રક્રિયા છે, જેમાંથી સતત હાઈડ્રોજન મેળવી શકાય છે. વિજ્ઞાનીઓ માને છે કે આ પદ્ધતિને વધુ સુધારીને મોટા પાયે ઉપયોગ માટે તૈયાર કરી શકાય છે. હાઈડ્રોજન ઊર્જા ભવિષ્યમાં ઊર્જા ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે. જાપાન પહેલાથી જ હાઈડ્રોજન આધારિત સમાજ તરફ આગળ વધી રહ્યું છે. ભારત પણ ગ્રીન હાઈડ્રોજન નીતિ દ્વારા આ ક્ષેત્રમાં આગળ વધી શકે છે. પરંતુ કેટલાક પડકારો પણ છે. હાઈડ્રોજન સંગ્રહ અને પરિવહન મુશ્કેલ છે. તેની માટે વિશેષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી છે. ઉપરાંત, સુરક્ષા બાબતોનું ધ્યાન રાખવું પણ આવશ્યક છે.

તેમ છતાં, સતત સંશોધન અને ટેક્નોલોજીકલ વિકાસ દ્વારા આ પડકારોને દૂર કરી શકાય છે. વૈશ્વિક ઊર્જા સંકટ વચ્ચે હાઈડ્રોજન ઊર્જા એક આશાજનક વિકલ્પ તરીકે સામે આવી છે. જાપાનની નવી શોધે આ ક્ષેત્રમાં નવી દિશા આપી છે. ભારત માટે પણ આ એક સારો અવસર છે કે તે આ ટેક્નોલોજી અપનાવીને ઊર્જા સ્વાવલંબન તરફ આગળ વધે.આગામી સમયમાં હાઈડ્રોજન આપણા જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે. તે માત્ર સસ્તું અને સ્વચ્છ ઈંધણ જ નહીં, પરંતુ પર્યાવરણ સુરક્ષા માટે પણ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

**જાપાનના વિજ્ઞાનીઓએ એક અદ્ભુત શોધ કરી છે, જે પેટ્રોલ-ડીઝલના મોંઘા ખર્ચાને બાય બાય કરી શકે છે. માત્ર સામાન્ય સામગ્રી અને સૂર્યપ્રકાશ જેવા UV કિરણો વડે હાઇડ્રોજન બનાવવાની સરળ રીતથી અબજો રૂપિયા બચશે અને પર્યાવરણ પણ સુરક્ષિત રહેશે.**

## શબ્દ સંજોગ-૨૧૮૫



**આડી ચાવી :**
(૧) સત્તા, હકૂમત (૩)
(૨) મમ્મીના પિતા (૨)
(૩) અમીર, માલદાર કે જાગીરદાર (૩)
(૪) ઊંટની નાથ (૩)
(૫) ભવિષ્ય, નશીબ (૨)
(૬) બુધ્ધિ (૨)
(૯) દરગુજર કરવું તે (૨)
(૧૧) ઝાડી, જંગલ (૨)
(૧૨) દાની, ઉદાર (૨)
(૧૩) દુશ્મન (૨)
(૧૪) ભેદ, રહસ્ય (૨)
(૧૫) સમાપ્તિ, આખર (૨)
(૧૬) વર તરફથી કન્યાને અપાતું સ્ત્રી ધન (૨)
(૧૭) કૂવા પરના પથ્થર ઉપર દોરડના ઘસારાથી પડેલો ખાડો (૨)
(૧૮) ગત, વિતેલુ (૩)
(૧૯) દુઃખ, આફત (૩)
(૨૨) દિલગીરી કરવી તે (અ) (૨)
(૨૪) પાછુ (૩)
(૨૬) એક પક્ષી (૩)
(૨૭) કેંદ્ર, મધ્યભાગ (૨)
(૨૮) ટેવ, આદત (૨)

**ઉભી ચાવી :**
(૧) દાડમના ઘાટની દારૂખાનાની કોઠી (૩)
(૪) પોષણ, ગુજારો (૩)
(૭) બંધી, નિષેધ (૩)
(૮) કવિતા કરનાર (૨)
(૯) ઊણપ, ખોડ (૨)
(૧૦) સર્વ, તમામ (૩)
(૧૨) પૂરી ભરતી આવ્યે ૧૨ મીનીટ પાણી થોભે તે (૨)
(૧૪) રાખડી (૨)
(૧૬)વર્તુળનો ઘેરાવો (૩)
(૧૮) નહિ જન્મેલું, આનદી (૨)
(૧૯) સાધુ, પવિત્ર (૨)
(૨૦) એક નક્ષત્ર (૩)
(૨૧) કાદવ (૨)
(૨૨) બો, ગંધ, વાસ (૨)
(૨૩) બાર વર્ષનો ગાળો સમય (૨)
(૨૫) સાવ બોડુ માથુ (૨)
(૨૭) ....તુ નારાયણી (૨)
(૨૯) રોગના જંતુઓની બનેલી દવા (૨)
(૩૦) એક રાજ્ય (૪)
(૩૧) મોરની માદા (૨)

## શબ્દ સંજોગ-૨૧૮૪ જવાબ

**આડી ચાવી** : (૧) ઈડલી (૩) ઈશિતા (૬) લાઈફ (૮) ઈસપ (૧૦) રવિ (૧૨) રાતે (૧૩) રામ (૧૪) ખાઈ (૧૭) ઈમ (૧૮) આરત (૧૯) અંબા (૨૦) આશા (૨૧) ગોર (૨૨) નઈડે (૨૫) તરત (૨૬) ઈડર (૨૮) ઈરફાન (૨૯) ઈશ્તેહાબ .

**ઉભી ચાવી** : (૧) ઈથર (૨) લીલા (૩) ઈફતેખાર (૪) તાઈ (૫) છાપ (૭) ઈરા (૯) સર (૧૧) વિરામ (૧૫) ઈતર (૧૬) ઈબારત (૧૭) ઈશાન (૧૮) આશા (૧૯) અંગોર (૨૦) આડે (૨૩) ઈસ્ટર (૨૪) વડ (૨૬) ઈન (૨૭) રઈ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૭૧ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૭૫૫ | ૯૮૦ |
| જુવાર લાલ | ૮૪૦ | ૯૩૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૩૬૦ | ૧૪૮૫ |
| ચણા પીળા | ૯૧૫ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૩૧ | ૧૮૦૦ |
| અડદ | ૬૫૦ | ૧૬૨૦ |
| મગ | ૯૫૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૩૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૫૦૩ |
| વટાણા | ૭૦૦ | ૧૦૪૦ |
| કળથી | ૨૯૫ | ૩૬૦ |
| રાજમા | ૬૫૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૮૯૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૩૪ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૪૮૦ |
| તલી | ૧૭૫૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૧૧૫૦ | ૧૪૦૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૫૩ |
| અજમો | ૧૬૮૦ | ૨૪૪૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૧૫૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૬૭૫ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૪૦૦ |
| લસણ | ૭૦૧ | ૧૫૦૦ |
| ધાણા | ૨૨૭૫ | ૨૫૭૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૫૩૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૭૭૦ |
| વરીયાળી | ૧૪૫૪ | ૨૦૯૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૦૩૦ |
| રાય | ૧૨૩૦ | ૧૪૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૭૯૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૪૦ |
| કલોંજી | ૨૮૧૦ | ૩૫૪૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૭૪ | ૬૬૯ |
| લીંબુ | ૧૬૦૪ | ૩૬૦૯ |
| સાકરટેટી | ૨૦૩ | ૩૨૪ |
| તરબુચ | ૧૨૪ | ૨૮૪ |
| પપૈયા | ૬૫ | ૧૩૬ |
| બટેટા | ૧૦૨ | ૨૪૪ |
| ડુંગળી સુકી | ૩૨ | ૨૩૭ |
| ટમેટા | ૨૧૯ | ૪૦૭ |
| સુરણ | ૭૦૪ | ૮૨૮ |
| કોથમરી | ૨૮૪ | ૪૧૬ |
| મુળા | ૨૫૪ | ૩૮૩ |
| રીંગણા | ૧૧૦ | ૨૫૪ |
| કોબીજ | ૯૧ | ૧૫૨ |
| ફ્લાવર | ૨૬૪ | ૪૯૩ |
| ભીંડો | ૧૧૪ | ૨૦૨ |
| ગુવાર | ૨૯૮ | ૫૧૪ |
| ચોળાસીંગ | ૪૨૫ | ૬૦૪ |
| ટીંડોળા | ૨૮૯ | ૫૨૯ |
| દુધી | ૯૨ | ૧૬૪ |
| કારેલા | ૩૫૮ | ૫૨૬ |
| સરગવો | ૩૦૩ | ૬૨૨ |
| તુરીયા | ૨૮૮ | ૪૧૩ |
| પરવર | ૬૧૮ | ૭૫૮ |
| કાકડી | ૨૪૬ | ૩૬૯ |
| ગાજર | ૨૧૭ | ૪૧૧ |
| વટાણા | ૧૬૨૪ | ૧૯૪૮ |
| ગલકા | ૧૨૩ | ૩૫૯ |
| બીટ | ૮૪ | ૧૭૯ |
| મેથી | ૪૯૩ | ૬૫૫ |
| ડુંગળી લીલી | ૧૮૬ | ૩૦૩ |
| આદુ | ૮૭૮ | ૧૦૩૪ |
| મરચા લીલા | ૩૪૩ | ૬૧૮ |
| મકાઇ લીલી | ૧૨૧ | ૨૫૮ |
| ગુંદા | ૨૮૬ | ૪૮૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૩૧ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૬૫૦ |
| સિંગદાણા જાડા | ૧૫૫૦ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૯૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૬૧ |
| વરીયાળી | ૧૭૭૬ | ૧૮૭૬ |
| ધાણા | ૧૬૦૧ | ૨૭૩૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૩૦૧ | ૬૩૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૦૧ |
| ડુંગળી લાલ | ૨૧ | ૨૪૬ |
| અડદ | ૮૭૬ | ૧૭૫૧ |
| મઠ | ૨૭૬ | ૨૭૬ |
| તુવેર | ૭૦૦ | ૧૫૩૧ |
| રાજગરો | ૬૭૬ | ૬૭૬ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૭૧ |
| રાય | ૬૫૧ | ૧૨૬૧ |
| સુવાદાણા | ૯૦૧ | ૯૦૧ |
| કાંગ | ૨૮૧ | ૫૭૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૩૦૧ |
| ગુવાર બી | ૮૫૧ | ૮૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૩૬ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૭૭૧ |
| મગફળી ૬૬ | ૧૧૮૧ | ૧૨૪૧ |
| તલ - તલી | ૧૩૦૧ | ૨૦૮૧ |
| ધાણી | ૧૭૧ | ૨૮૮૧ |
| મરચા સૂકા ઘોલર | ૩૧૦૧ | ૯૪૦૧ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૨૨ |
| બાજરો | ૩૨૧ | ૪૭૧ |
| જુવાર | ૩૨૧ | ૭૯૧ |
| મકાઇ | ૩૦૦ | ૪૧૧ |
| મગ | ૧૦૩૧ | ૧૭૬૧ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૬ |
| વાલ | ૬૦૧ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૮૯૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૯૨૬ | ૧૧૮૧ |
| અજમાં | ૧૪૫૧ | ૧૪૫૧ |
| કળથી | ૩૪૧ | ૩૪૧ |
| ગોગળી | ૯૬૧ | ૧૩૧૧ |
| વટાણા | ૬૫૧ | ૯૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૭૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૮૦ | ૪૦૦ |
| રીંગણા | ૮૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૫૦૦ |
| વાલ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| parvar | ૬૮૦ | ૮૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૪૦૦ |
| nariyel | ૫૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૬૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૯ |
| બીટ પુરા | ૭ | ૨૨ |
| સરગવો પુરા | ૧૫ | ૩૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૮૦ | ૫૦૦ |
| વાલોર | ૩૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૬૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| ગરમર | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૪૦ | ૧૪૨૦ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૮૧૦ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૧૫૩૦ | ૪૦૪૦ |
| તલ કાશમીરી | ૧૯૫૫ | ૧૯૫૫ |
| બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| જુવાર | ૮૩૦ | ૮૩૦ |
| ઘઉં બંસી | ૪૧૦ | ૪૧૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૧૫ |
| ચણા | ૯૪૦ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૨૫ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૩૦ |
| છોલે ચણા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| વટાણા | ૭૫૦ | ૭૮૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૮૦ |
| કપાસ | ૯૮૦ | ૧૮૯૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૦૫ |
| રાયડો | ૧૦૮૦ | ૧૧૧૫ |
| રાય | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ધાણા | ૨૩૫૦ | ૨૪૫૦ |
| ધાણી | ૧૮૮૦ | ૨૭૬૫ |
| મેથી | ૯૫૦ | ૧૧૮૫ |
| સોયાબીન | ૯૯૦ | ૧૧૬૦ |
| મરચા લાંબા | ૨૨૦૦ | ૬૦૦૦ |
| વરીયાળી | ૧૫૩૦ | ૩૦૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૩૫૦ | ૪૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૩૫૦ | ૪૫૦ |
| દુધી | ૧૦૦ | ૧૨૦ |
| કારેલા | ૩૦૦ | ૪૫૦ |
| ગલકા | ૧૬૦ | ૨૨૦ |
| ગુંદા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૬૦૦ |
| કાચીકેરી | ૫૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૬૫૦ | ૧૯૫૦ |
| ચોળા લીલા | ૩૫૦ | ૪૪૦ |
| તુરીયા | ૨૦૦ | ૨૫૦ |
| પાકીકેરી | ૧૫૫૦ | ૨૫૦૦ |
| ગરમર | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૩૩૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૮૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૩૨૦ | ૪૪૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૩૦ |
| બીટ | ૨૧૦ | ૨૮૦ |
| સરગવો | ૨૯૦ | ૩૯૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૩૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૩૦ |
| લસણ સુકું | ૧૦૮૦ | ૨૦૩૦ |
| પાલક | ૩૧૦ | ૪૩૦ |
| લીંબુ | ૨૫૫૦ | ૩૨૨૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૧ | ૧૫૦૫ |
| શીંગ મોટી | ૧૩૧૦ | ૧૫૨૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૮૪ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૨૦૯ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૪૫૧ | ૧૮૪૨ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૪૧૦ | --- |
| અડદ | ૧૧૦૦ | --- |
| ચણા | ૧૦૧૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૦૮૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૬૧ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૩૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૪૬૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૮૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૯૧ | ૪૫૧ |
| ચણા | ૧૦૧૬ | ૧૦૫૧ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૨૩૩૦ | ૨૫૬૫ |
| તુવેર | ૧૧૨૦ | ૧૩૪૦ |
| મેથી | ૯૮૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૨૭૦ |
| સફેદ ચણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૫૪ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૪૨ |
| ઘઉં ટુકડા | ૪૧૪ | ૪૫૧ |
| ચણા | ૯૨૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૯૯૦ | ૨૫૫૧ |
| ધાણી | ૨૪૭૦ | ૨૪૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૦૦ |
| રાયડો | ૧૧૦૪ | ૧૧૦૪ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૦૮૦ |
| જુવાર | ૩૫૦ | ૩૫૦ |
| લસણ | ૩૫૦ | ૪૯૫ |
| શીંગફાડા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ચણા છોલે | ૧૨૬૦ | ૧૨૬૦ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૩૫ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૦૩૦ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૫૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ધાણા | ૧૪૧૦ | ૨૬૦૦ |
| તુવેર | ૧૨૨૦ | ૧૪૩૦ |
| કાળા તલ | ૨૭૮૦ | ૩૦૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૮૨૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૮૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૮૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૪૧ |
| મેથી | ૬૦૧ | ૧૧૦૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૮૯૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૫૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૧૩૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૨૭ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૫ |
| રાય | ૧૩૦૦ | ૧૩૬૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૮૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૪૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૫ |
| જુવાર | ૭૦૦ | ૮૯૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૬૦૫ |
| મગ | ૧૩૦૦ | ૧૯૧૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ચણા | ૧૩૫૦ | ૧૬૦૫ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૩૦૦ |
| સોયાબીન | ૧૦૨૦ | ૧૧૨૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૩૫ |
| કાંગ | ૪૦૦ | ૫૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૭૬ | ૧૭૮૩ |
| મગફળી | ૧૩૨૧ | ૧૩૨૧ |
| ચણા | ૧૦૦૭ | ૧૦૦૭ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| તલ સફેદ | ૧૯૨૧ | ૧૯૨૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ઘઉં | ૪૪૭ | ૪૪૭ |
| એરંડા | ૧૨૦૪ | ૧૨૦૪ |
| મેથી | ૧૦૫૦ | ૧૦૫૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૧૧ | ૧૨૧૨ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૩૧૮ |
| તલ કાળા | ૨૮૦૧ | ૩૪૯૨ |
| કપાસ | ૧૨૪૦ | ૧૭૭૨ |
| બાજરો | ૩૨૬ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૩૯૧ | ૪૭૭ |
| જુવાર | ૪૦૧ | ૯૨૦ |
| મકાઈ | ૬૮૦ | ૬૮૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ચણા | ૯૬૧ | ૧૧૧૨ |
| મેથી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૦૬૧ | ૧૧૧૬ |
| રાય | ૧૦૭૭ | ૧૦૭૭ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા આયોજિત ૧૫૬મા વિચારોના વાવેતર કાર્યક્રમનો અર્ક

## યોગાસન ગર્લ જીયા દેસાઈનું સન્માન કરવામાં આવ્યું




સુરત,તા.૨૩

સુરતમાં આયોજિત ૧૫૬મા વિચારોના વાવેતર કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ સ્વાસ્થ્ય અને પ્રકૃતિના અવિભાજ્ય સંબંધ પર ભાર મૂકતા જણાવ્યું કે પૃથ્વી માત્ર માટીનો ગોળો નથી, પરંતુ ઉર્જાનો અખૂટ સ્ત્રોત છે. શરીર પંચ તત્વોનું બનેલું છે, જેમાં પૃથ્વી તત્વ પાયાનો આધાર છે. લોહીમાં રહેલા લોહ તત્વ અને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના પરસ્પર જોડાણથી શરીરમાં વિદ્યુત શક્તિ પેદા થાય છે, જે નિરોગી રહેવા માટે અનિવાર્ય છે. લાઈફ સાયન્સના નિષ્ણાત સંજયભાઈ દેવાણીએ ઉમેર્યું કે કોષોને જીવંત રાખવા જરૂરી ઈલેક્ટ્રોન્સ ધરતીના સીધા સ્પર્શથી પ્રાપ્ત થાય છે, જેનાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ પ્રસંગે યોગાસન ગર્લ જીયા દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું અને થેલેસેમિયા પીડિતો માટે રક્તદાનનો સંકલ્પ લેવાયો હતો. આમ, ખુલ્લા પગે ચાલવું અને પ્રકૃતિ સાથે જોડાયેલા રહેવું એ આધુનિક સમયમાં તંદુરસ્તીની જડીબુટ્ટી સમાન છે.

# સાવરકુંડલા તાલુકાના આપ પ્રમુખ દિલીપ લહેરીએ કેસરીયો ધારણ કર્યો

સાવરકુંડલા,તા.૨૩



સાવરકુંડલા તાલુકાના રાજકારણમાં એક મોટો વળાંક આવ્યો છે, જ્યાં આમ આદમી પાર્ટીના સનિષ્ઠ કાર્યકર અને તાલુકા પ્રમુખ દિલીપભાઈ લહેરીએ પક્ષનો સાથ છોડીને ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત પ્રવેશ કર્યો છે. સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં તેમને પક્ષનો ખેસ પહેરાવી ભાજપ પરિવારમાં આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ હાજર રહીને તેમને ટેકો જાહેર કર્યો હતો. દિલીપભાઈએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીની આંતરિક કાર્યપદ્ધતિ અને નિર્ણયોથી તેઓ લાંબા સમયથી નારાજ હતા. જનસેવાના કાર્યોને વધુ ગતિ આપવા અને પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોમાં સહભાગી થવા માટે તેમણે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તાલુકા સ્તરે સંગઠન પર પકડ ધરાવતા નેતાની વિદાયથી 'આપ'ને મોટો ફટકો પડ્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે આ પરિવર્તન આગામી ચૂંટણીઓમાં સ્થાનિક સમીકરણો પર ગંભીર અસર પાડી શકે તેમ છે,

# વિશ્વાસ તોડશો તો મારા દરવાજા બંધ : ધારાસભ્ય ભગવાન બારડની આહીર સમાજને ચીમકી

ગીર સોમનાથ,તા.૨૩

સુત્રાપાડાના ગોરખમઢી ખાતે યોજાયેલી ભાજપની સભામાં ધારાસભ્ય ભગવાન બારડનું એક વિવાદાસ્પદ નિવેદન ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. આહીર સમાજને સંબોધતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'જો તમે મતદાનમાં ભૂલ કરી કે વિશ્વાસ તોડ્યો, તો મારા ઘરના દરવાજા તમારા માટે કાયમ માટે બંધ થઈ જશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, તેઓ સમાજના ભરોસે જ રાજકીય નિર્ણયો લે છે અને કોઈને વચન આપીને બેઠા છે, તેથી આ વિશ્વાસ જળવાઈ રહેવો જરૂરી છે. ભરોસો તોડનાર વ્યક્તિને પોતે ક્યારેય સ્વીકારશે નહીં તેવી કડક ચેતવણી પણ તેમણે આપી હતી. આ નિવેદનને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ગરમાવો આવી ગયો છે. કેટલાક લોકો તેને સમાજ પ્રત્યેની શિસ્ત માને છે, જ્યારે વિરોધીઓ તેને દબાણની રાજનીતિ ગણાવી રહ્યા છે.

# બાબરાના સુકવળા ગામના સરપંચ સહિત ૧૦૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા

બાબરા,તા.૨૩



બાબરા તાલુકાના સુકવળા ગામે એક મોટું રાજકીય પરિવર્તન આવ્યું છે, જ્યાં ગામના સરપંચ સહિત ૧૦૦થી વધુ આગેવાનો અને કાર્યકરો ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા છે. આ કાર્યક્રમ લાઠી-બાબરા-દામનગર વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા અન્ય ભાજપ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ધારાસભ્યએ તમામ નવા કાર્યકરોને ભાજપનો ખેસ પહેરાવીને ઉમળકાભેર આવકાર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા અને સમગ્ર ગામમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપ એ 'વિકાસ અને વિશ્વાસ'નું પ્રતીક છે. સુકવળા ગામના સરપંચનું આ જોડાણ ગામના સર્વાંગી વિકાસ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ખાતરી આપી હતી કે આગામી દિવસોમાં સુકવળા સહિત સમગ્ર બાબરા તાલુકામાં નવી વિકાસલક્ષી યોજનાઓને વેગ આપવામાં આવશે.

# ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણીમાં ૫૫ ટકા મતદાન સાથે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

આણંદ,તા.૨૩

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં સરેરાશ ૫૫ ટકા મતદાન નોંધાયું છે. ભાજપના હર્ષદ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ સહિત ૬ ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ થયું છે. અસહ્ય ગરમી વચ્ચે વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી અને શેડ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. કલેક્ટર પ્રવીણ ચૌધરી અને એસપી ગૌરવ જસાણીના નેતૃત્વમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને વેબકાસ્ટિંગ દ્વારા પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવી હતી. હવે સૌની નજર પરિણામો પર ટકેલી છે.

# ગોંડલ તાલુકાના પાટીદળ ગામના વૃધ્ધનું અકસ્માતે ખાડામાં પડી જતા મોત

ગોંડલ,તા.૨૩


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ તાલુકાના ગુંદાળા-પાટીદળ રોડ પર આજે એક હ્રદયદ્રાવક ઘટના બની છે, જેમાં પાટીદળ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધ ગોપાલભાઈ ઉકાભાઈ વેકરિયાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

ગોપાલભાઈ પોતાના જુપીટર પર ગોંડલથી કેરીની ખરીદી કરીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગુંદાળા ગામ પાસેના પેટ્રોલ પંપ નજીક વળાંક પર તેમણે વાહન પરથી સંતુલન ગુમાવ્યું હતું. આ અકસ્માતમાં તેમનું વાહન અંદાજે ૧૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યું હતું. ખાડામાં પથ્થરો સાથે માથું ભટકાતા ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ખેતીકામ કરીને ગુજરાન ચલાવતા વૃદ્ધના આકસ્મિક નિધનથી તેમના બે પુત્રો અને પત્ની સહિતના પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

# પ્રતાપ દૂધાતનો લીલીયા તાલુકાના ગામોમાં આક્રમક 'જન સંપર્ક પ્રવાસ'

## ચૂંટણી ટાણે પરિવર્તન માટે કોંગ્રેસ પ્રમુખનો હુંકાર

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાત દ્વારા આજે લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં 'જન સંપર્ક પ્રવાસ' ખેડવામાં આવ્યો હતો. તારીખ ૨૩/૦૪/૨૦૨૬ના રોજ સવારથી જ ઈંગોરાળા, બવાડા, ભોરીંગડા અને ખારા સહિતના ગામોની મુલાકાત લીધા બાદ, બપોર પછી હાથીગઢ અને ગુંદરણ જેવા વિસ્તારોમાં કાર્યકરો સાથે બેઠકો યોજાઈ હતી. પ્રતાપ દૂધાતે ગ્રામજનોને એકજુટ થઈ પરિવર્તન લાવવા હાકલ કરી હતી. પ્રવાસના અંતે સાવરકુંડલાના વિવિધ વોર્ડમાં રાત્રિ સભાઓનું પણ આયોજન કરાયું હતું. આ પ્રવાસથી સ્થાનિક કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને કોંગ્રેસ ટીમ ચૂંટણીલક્ષી સખ્ત મહેનત કરી રહી છે.

# કોડીનાર સરકારી પુસ્તકાલય ખાતે 'વિશ્વ પુસ્તક દિવસ'ની શાનદાર ઉજવણી

કોડીનાર,તા.૨૩


તસવીર : ધર્મેશ પાઠક

ગુરૂવારના દિવસે કોડીનારની સરકારી લાઈબ્રેરીમાં વિશ્વ પુસ્તક દિવસની ભવ્ય ઉજવણી સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રારંભમાં વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું, જેનું વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક અને પુષ્પો દ્વારા ભાવપૂર્વક પૂજન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ 'પુસ્તક મારો સાચો મિત્ર' અને 'મોબાઈલ ત્યાગો, પુસ્તકો અપનાવો' જેવા વિષયો પર પ્રભાવશાળી વક્તવ્યો આપી પુસ્તકાલયનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મદદનીશ ગ્રંથપાલ એ.કે. નકુમ તથા પરમાર ગોપાલભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

# NDPS કેસમાં એડવોકેટ પિન્ટુ ગોરખીયાની ધારદાર દલીલોથી આરોપીના જામીન મંજૂર

સાવરકુંડલા, તા.૨૩

બાબરા પોલીસ મથકે નોંધાયેલા NDPS હેઠળના ગુનામાં પકડાયેલા આરોપી ડાયાભાઈ ભીખાભાઈ વાળાને સાવરકુંડલાની સ્પેશિયલ NDPS કોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. આરોપી તરફે અમરેલીના જાણીતા એડવોકેટ પિન્ટુ ગોરખીયાએ ધારદાર રજૂઆતો કરી હતી.એડવોકેટ ગોરખીયાએ નામદાર કોર્ટ સમક્ષ જામીનના મૂળભૂત સિદ્ધાંતો, બંધારણીય જોગવાઈઓ અને સુપ્રીમ કોર્ટ તેમજ વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકીને તર્કસંગત દલીલો કરી હતી. આ દલીલો અને કાયદાકીય પાસાઓને ધ્યાને લઈને સ્પેશિયલ જજ શેઠીએ આરોપીની જામીન અરજી ગ્રાહ્ય રાખી તેમને જેલમુક્ત કરવાનો હુકમ કર્યો છે.

# બિલેશ્વર ખાંડ ઉદ્યોગને વાવાઝોડાના નુકસાન પેટે રૂ. ૧૦ લાખ વળતર ચૂકવવા વીમા કંપનીને કોર્ટનો આદેશ

કોડીનાર,તા.૨૩



કોડીનાર સ્થિત બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળીને બીપરજોય વાવાઝોડાથી થયેલા નુકસાનનું વળતર ચૂકવવા જૂનાગઢ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને મહત્વનો આદેશ કર્યો છે. જૂન ૨૦૨૩માં આવેલા વાવાઝોડાને કારણે ફેક્ટરીના બિલ્ડીંગ અને મશીનરીને મોટું નુકસાન થયું હતું, પરંતુ 'ધી ઓરિએન્ટલ જનરલ ઈન્સ્યુરન્સ કંપની'એ જરૂરી દસ્તાવેજો હોવા છતાં વળતરનો દાવો નામંજૂર કર્યો હતો. આ અન્યાય સામે સંસ્થાએ એડવોકેટ પ્રતાપસિંહ વિ. ચાવડા મારફતે કાયદેસરની લડત આપી હતી.ગ્રાહક કમિશને પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ ચુકાદો આપ્યો કે, વીમા કંપનીએ મંડળીને રૂ. ૧૦,૦૯,૭૬૦/- નું વળતર ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવું. આ ઉપરાંત, ફરિયાદ ખર્ચના રૂ. ૫,૦૦૦ પણ ચૂકવવાનો હુકમ કરાયો છે.

# કોડીનારમાં ૪ સાઈટ પ્રી-સ્કુલનો વાર્ષિકોત્સવ, એવોર્ડ સમારંભ યોજાયો

## ૫૦થી વધુ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા

કોડીનાર,તા.૨૩


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનારની ૪ સાઈટ પ્રી-સ્કુલમાં વાર્ષિકોત્સવ અને એવોર્ડ સમારંભ ભવ્ય રીતે ઉજવાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય મહેમાનો કાન્તિભાઈ ગોઢાણિયા, રમેશભાઈ ગોઢાણિયા અને દિલીપભાઈ મકવાણાના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ હરિરાધેકૃષ્ણ સર પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્લે ગ્રૂપથી સિનિયર કે.જી. સુધીના ૫૦ જેટલા બાળકોએ પ્રાર્થના, દેશભક્તિ ગીતો અને ડાન્સ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સૌના મન મોહી લીધા હતા. વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા હતા. પ્રિન્સિપાલ અંકિતા ગોઢાણીયાએ બાળકોના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમ શિક્ષકો અને બાલકૃષ્ણ ગોઢાણીયાની ટીમના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# સુરતના સલથાણ ગામે ગેસ લીકેજથી દાઝી ગયેલા ત્રણ લોકોના સારવાર દરમિયાન કરૂણ મોત

સુરત,તા.૨૩



સુરતના પલસાણા તાલુકાના સલથાણ ગામે સર્જાયેલી ગેસ લીકેજની દુર્ઘટના અત્યંત કરુણ સાબિત થઈ છે. ગત ૧૭મી તારીખે બંધ ઘરમાં આખો દિવસ ગેસ લીક થયા બાદ થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ગંભીર રીતે દાઝી ગયેલા ૬ લોકો પૈકી ૩ વ્યક્તિઓના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે. મૃતકોમાં ઘર માલિક નીરજ મિશ્રા, પાડોશી મહિલા દુર્ગાવતી યાદવ અને તેમના માસૂમ પુત્ર અનુજનો સમાવેશ થાય છે.ઘટનાની વિગત મુજબ, નીરજભાઈ સવારે ગેસ ચાલુ મૂકી નોકરીએ ગયા હતા. સાંજે પરત ફરતા પાડોશીએ દુર્ગંધની જાણ કરી હતી, પરંતુ સાવચેતી રાખવાને બદલે લાઈટની સ્વિચ પાડતા જ સ્પાર્ક થયો અને વિસ્ફોટ થયો હતો. ગીચ વસ્તી અને વેન્ટિલેશનના અભાવે આખું ઘર 'ગેસ ચેમ્બર' બની ગયું હતું. હાલ અન્ય ત્રણ બાળકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કડોદરા જીઆઈડીસી પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# યુપીના લખીમપુર ખેરીમાં કરુણ અકસ્માત ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતા પાંચનાં મોત અને ૩૦ ઘાયલ

લખીમપુર ખેરી,તા.૨૩

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીમાં ગુરુવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. મુંડન સંસ્કારના કાર્યક્રમમાં જઈ રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી એક ટ્રેક્ટર-ટ્રોલી અચાનક કાબૂ બહાર જઈને પલટી જતાં ૫ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલો પૈકી ૧૫ લોકોની હાલત અત્યંત




ગંભીર હોવાનું જાણવા મળે છે.

અહેવાલો અનુસાર, શારદાનગર વિસ્તારના અંદાજે ૫૦ લોકો બે ટ્રેક્ટર-ટ્રોલીમાં સવાર થઈને બહરાઈચના કરીકોટ મંદિરે જઈ રહ્યા હતા. પધુઆ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઢ બાબા મંદિર પાસે ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટ્રોલીમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો સવાર હતા, જે અકસ્માતનું મુખ્ય કારણ બન્યું છે. સ્થાનિકો અને પોલીસે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ઘાયલોને જિલ્લા હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, ખેતીકામ માટે વપરાતા ટ્રેક્ટર-ટ્રોલીનો મુસાફરી માટે ઉપયોગ અને ઓવરલોડિંગ જેવી બેદરકારીઓને કારણે અવારનવાર આવી જાનલેવા દુર્ઘટનાઓ સર્જાય છે. આ ઘટનાને પગલે અસરગ્રસ્ત પરિવારોમાં ભારે શોક અને ગમગીનીનો માહોલ છવાયો છે.

# શેરબજારમાં કડાકો : સેન્સેક્સ ૮૫૨ પોઈન્ટ ગગડ્યો, ડોલર સામે રૂપિયો પણ ૯૪ને પાર

મુંબઈ,તા.૨૩

વૈશ્વિક બજારોના નબળા સંકેતો અને ભારે વેચવાલીને કારણે ગુરુવારે સ્થાનિક શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રેડિંગ સેશનના અંતે, બીએસઈ સેન્સેક્સ ૮૫૨.૪૯ પોઈન્ટ તૂટીને ૭૭,૬૬૪ પર બંધ થયો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ૨૦૫.૦૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૧૭૩ પર સ્થિર થયો હતો. ખાસ કરીને ઓટો, કન્ઝ્યુમર




ડ્યુરેબલ્સ અને પીએસયુ બેંક ક્ષેત્રોમાં ૨% સુધીનો ઘટાડો નોંધાયો હતો. નિફ્ટીમાં ટ્રેન્ટ અને એમએન્ડએમ જેવા શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ડૉ. રેડ્ડીઝ લેબ્સ અને અદાણી એન્ટરપ્રાઈઝમાં સુધારો થયો હતો. બીજી તરફ, ચલણ બજારમાં ભારતીય રૂપિયાની સ્થિતિ વધુ વણસી છે. અમેરિકન ડોલર સામે રૂપિયો ૩૩ પૈસા ઘટીને ૯૪.૧૧ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ થયો હતો. ક્રૂડ ઓઈલના વધતા ભાવ, વિદેશી ભંડોળનો સતત નિકાલ અને પશ્ચિમ એશિયામાં પ્રવર્તતી અનિશ્ચિતતાને કારણે રૂપિયા પર દબાણ વધ્યું છે. છેલ્લા ચાર સત્રોમાં સ્થાનિક ચલણમાં અંદાજે ૧.૩ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે, જે રોકાણકારો માટે ચિંતાનો વિષય બન્યો છે.

# તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના ઉમેદવારના ઘરેથી રૂ.૬૫ લાખની રોકડ જપ્ત

ચેન્નાઈ,તા.૨૩

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના મતદાનના એક દિવસ પહેલા જ શ્રીવૈકુંઠમ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ઉર્વશી એસ. અમૃતરાજના નિવાસસ્થાનેથી ચૂંટણી પંચની ફ્લાઈંગ સ્કવોડે રૂ.૬૫ લાખ (૬.૫ મિલિયન)ની બિનહિસાબી રોકડ જપ્ત કરી છે. મતદારોને વહેંચવા માટે રોકડ સંગ્રહિત કરવામાં આવી હોવાની બાતમીના આધારે ચૂંટણી અધિકારી પોનમરીના નેતૃત્વમાં થુથુકુડી સ્થિત આ નિવાસસ્થાને દરોડો પાડવામાં આવ્યો હતો.

તલાશી દરમિયાન મળી આવેલી આ રકમ અંગે કોઈ માન્ય દસ્તાવેજો રજૂ ન કરી શકાતા અધિકારીઓએ રોકડ જપ્ત કરી પોલીસને સોંપી દીધી હતી. આ મામલે પોલીસે સુરેશ નામના શખ્સની અટકાયત કરી છે અને નાણાંના સ્ત્રોત અંગે તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે રાજ્યમાં ચૂંટણીના માહોલમાં ગરમાવો આવી ગયો છે.

# મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં તા.૧ મેથી રિક્ષા-ટેક્સી ચાલકો માટે મરાઠી ભાષા ફરજિયાત કરી

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો માટે ૧ મેથી મરાઠી ભાષાનું જ્ઞાન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમ અંતર્ગત હવે પરમિટ મેળવવા માટે ડ્રાઈવરોએ મરાઠી બોલતા અને સમજતા હોવું આવશ્યક રહેશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) એ આ નિર્ણયનું




સમર્થન કરતા અત્યારથી જ ઉપનગરોમાં રિક્ષાઓ પર 'હું મરાઠી બોલું છું, મારી રિક્ષામાં બેસો' ના સ્ટીકરો ચોંટાડવાનું શરૂ કરી દીધું છે.

જોકે, આ નિર્ણયથી હિન્દી ભાષી ડ્રાઈવરોમાં ચિંતા જોવા મળી રહી છે. યુનિયન નેતા શશાંક રાવે આ પગલાને અન્યાયી ગણાવતા રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે આ નિયમ દ્વારા ખાનગી કેબ કંપનીઓને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુનિયન દ્વારા ૨૮ એપ્રિલે પરિવહન મંત્રીને આવેદનપત્ર આપવામાં આવશે અને જો સરકાર આ નિયમ પર મક્કમ રહેશે, તો ૪ મેથી ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ, મનસેના કાર્યકરો વિવિધ વિસ્તારોમાં ડ્રાઈવરોને મરાઠી ભાષા શીખવા અને નિયમનું પાલન કરવા તાકીદ કરી રહ્યા છે.

# PM મોદીના દૂરદર્શન પરના ભાષણ સામે કોંગ્રેસની સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દૂરદર્શન અને સંસદ ટીવી પર આપેલા સંબોધન સામે કોંગ્રેસના સાંસદ ટી.એન. પ્રથાપને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં આરોપ છે કે, સક્રિય ચૂંટણી સમયગાળા દરમિયાન સરકારી ચેનલોનો ઉપયોગ કરીને વિરોધ પક્ષોની ટીકા કરવી એ આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન છે. પ્રથાપને દાવો કર્યો છે કે ૧૮ એપ્રિલના રોજ 'નારી



શક્તિ વંદન બિલ' મુદ્દે પીએમએ કોંગ્રેસ, ટીએમસી અને ડીએમકે જેવા પક્ષો પર નિશાન સાધ્યું હતું. અરજીમાં ચૂંટણી પંચને વડાપ્રધાન સામે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

# PM મોદીનો વિરોધ કરવામાં વિપક્ષ હવે મહિલા વિરોધી બન્યું છે : નીતિન નવીન

નવી દિલ્હી,તા.૨૩

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને મહિલા અનામત બિલ મુદ્દે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિરોધ કરવાની લ્હાયમાં વિપક્ષે હવે દેશની અડધી વસ્તી એવી મહિલાઓનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. લોકસભામાં મહિલા અનામત બિલની હાર



પર પ્રતિક્રિયા આપતા તેમણે સ્પષ્ટ કર્યું કે, આ બિલ કોઈ પણ પૂર્વ તૈયારી વગર રજૂ કરવામાં આવ્યું નહોતું, પરંતુ વિવિધ રાજકીય પક્ષો સાથે અનેક રાઉન્ડની ચર્ચા બાદ જ લાવવામાં આવ્યું હતું. નીતિન નવીને વધુમાં ઉમેર્યું કે, પીએમ મોદીનો ઈરાદો આ કાયદાને કોઈ પક્ષની જીત તરીકે નહીં, પરંતુ એક 'સામૂહિક રાષ્ટ્રીય પ્રયાસ' તરીકે રજૂ કરવાનો હતો. સીમાંકન અંગે વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવતા સવાલો પર તેમણે વળતો પ્રહાર કર્યો કે આ કાનૂની જોગવાઈઓ ત્યારે જ સ્થાપિત કરવામાં આવી હતી, જ્યારે વિરોધ પક્ષો સત્તામાં હતા. તેમણે ખાતરી આપી હતી કે ૨૦૨૯ની ચૂંટણી પહેલા મહિલાઓ માટે અનામત એ ભાજપનું પ્રતિબદ્ધ લક્ષ્ય રહેશે. ઉલ્લેખનીય છે કે, ગયા અઠવાડિયે સંસદમાં ૩૩% મહિલા અનામત આપતું બિલ વિપક્ષના વિરોધને કારણે પસાર થઈ શક્યું નહોતું.

# હરિદ્વારના સુમન નગરમાં નૌગજા પીરની મઝાર પર બુલડોઝર ફર્યું, ૧૦ વીઘા જમીન મુક્ત

હરિદ્વાર, તા.૨૩

ઉત્તરાખંડના હરિદ્વારમાં પ્રશાસને ગેરકાયદે અતિક્રમણ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. હરિદ્વાર જિલ્લા વહીવટીતંત્રે સુમન નગરમાં સિંચાઈ વિભાગની સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બનાવાયેલી 'નૌગજા પીર'ની મઝારને બુલડોઝર વડે તોડી પાડી છે. આ કાર્યવાહી દરમિયાન અંદાજે ૧૦ વીઘા જમીનને અતિક્રમણ



મુક્ત કરવામાં આવી હતી. તંત્ર દ્વારા અગાઉ નોટિસ જારી કરવા છતાં કોઈ પ્રતિસાદ ન મળતા એસડીએમ જિતેન્દ્ર કુમારના નેતૃત્વમાં આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સુરક્ષાના ભાગરૂપે વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું હતું. ડીએમ મયુર દીક્ષિતે સ્પષ્ટ કર્યું છે કે જિલ્લામાં ફૂટપાથ કે સરકારી જમીન પર કોઈ પણ પ્રકારનું અતિક્રમણ સહન કરવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે, ધામી સરકારના અતિક્રમણ વિરોધી અભિયાન હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ ગેરકાયદે બાંધકામો દૂર કરી ૧૧,૦૦૦ એકરથી વધુ જમીન ખાલી કરાવવામાં આવી છે.

# રામ અવતાર જગ્ગી હત્યા કેસમાં અમિત જોગીની આજીવન કેદની સજા પર સુપ્રીમ કોર્ટની રોક

નવી દિલ્હી,તા.૨૩

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીના પુત્ર અમિત જોગીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. ૨૩ વર્ષ જૂના એનસીપી નેતા રામ અવતાર જગ્ગી હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે અમિત જોગીની આજીવન કેદની સજા પર વચગાળાનો સ્ટે મૂકી દીધો છે. આ સાથે જ છત્તીસગઢ હાઈકોર્ટના તે આદેશ પર પણ રોક લગાવી



દેવામાં આવી છે જેમાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

૨૦૦૩માં રાયપુરમાં થયેલી આ હત્યાના કેસમાં નીચલી અદાલતે પુરાવાના અભાવે અમિત જોગીને નિર્દોષ જાહેર કર્યા હતા, પરંતુ ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ હાઈકોર્ટે આ ચુકાદો ઉલટાવી તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. અમિત જોગીએ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જ્યાંથી તેમને હાલ પૂરતી મુક્તિ મળી છે. આ મામલે હવે સુપ્રીમ કોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

# રૂ.બે લાખની લાંચ લેતા દિલ્હી પોલીસનો હેડ કોન્સ્ટેબલ ઝડપાયો

નવી દિલ્હી,તા.૨૩

સીબીઆઈએ (CBI) દ્વારકા એન્ટી-નાર્કોટિક સેલના એક હેડ કોન્સ્ટેબલને રૂ.૨ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદીને ખોટા કેસમાંથી બચાવવા માટે કુલ રૂ.૧૫ લાખની માંગણી કરી હતી, જે પૈકીના હપ્તા તરીકે તે આ રકમ સ્વીકારી રહ્યો હતો. વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે, આરોપીના ઓફિસ પરિસરની તપાસ દરમિયાન રૂ.૪.૮૮ કરોડ (૪૮.૮૭ મિલિયન)ની જંગી રોકડ રકમ રિકવર કરવામાં આવી છે. બીજી તરફ, સીબીઆઈએ રૂ.૧૬ લાખની ડિજિટલ છેતરપિંડીના કેસમાં ઈન્ડસઈન્ડ બેંકના આસિસ્ટન્ટ મેનેજર સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ ટોળકીએ સુપ્રીમ કોર્ટના નામે ડરાવીને એક વરિષ્ઠ નાગરિક સાથે લાખોની છેતરપિંડી કરી હતી. હાલ બંને કેસમાં સીબીઆઈ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# રાષ્ટ્રપતિ કાર્યાલય ૬ દિવસ માટે દિલ્હીથી શિમલા ખસેડવામાં આવશે

શિમલા,તા.૨૩

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આગામી ૨૭ એપ્રિલથી ૨ મે સુધી શિમલાના પ્રવાસે હોવાથી રાષ્ટ્રપતિ સચિવાલય છ દિવસ માટે દિલ્હીથી શિમલા કાર્યરત થશે. આ સમયગાળા દરમિયાન તમામ મહત્વપૂર્ણ ફાઈલો શિમલા લાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી બહાર રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન માત્ર શિમલા અને હૈદરાબાદમાં




જ છે. શિમલાના મશોબ્રા સ્થિત 'રાષ્ટ્રપતિ નિવાસ' (ધ રીટ્રીટ) ૧૭૫ વર્ષથી વધુ જૂનું છે, જે તેની અનોખી લાકડા અને માટીની બાંધકામ શૈલી માટે જાણીતું છે. આ ઈમારત ભૂકંપ વિરોધી છે અને કુદરતી રીતે ઉનાળામાં ઠંડી રહે છે. અહીં સુંદર સફરજનના બગીચા અને ટ્યૂલિપ ગાર્ડન આવેલા છે. રાષ્ટ્રપતિની મુલાકાતને પગલે હાલમાં પ્રવાસીઓ માટે પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે, જે ૩ મેથી ફરી શરૂ થશે. હિમાચલ સરકારે આ મુલાકાત માટેની તમામ સુરક્ષા અને વહીવટી તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

# ભારત આવતા જહાજ પર માસ્ક પહેરેલા ઈરાની નૌકાદળના કમાન્ડોએ હુમલો કર્યો

તેહરાન,તા.૨૩

ઈરાની નૌકાદળે સમુદ્રની મધ્યમાં બે જહાજો કબજે કર્યા છે, જેમાંનું એક લાઈબેરિયન ધ્વજ ધરાવતું 'એપામિનોન્ડાસ' દુબઈથી ગુજરાતના મુન્દ્રા બંદર તરફ આવી રહ્યું હતું. ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા એક નાટકીય વિડિયોમાં માસ્ક પહેરેલા કમાન્ડો સ્પીડબોટ દ્વારા જહાજનો પીછો કરતા અને હથિયારો સાથે જહાજ પર ચઢતા જોઈ શકાય છે.



આ ઘટનાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક સીધા પડકાર તરીકે જોવામાં આવી રહી છે.

હુમલા દરમિયાન ઈરાની સૈનિકોએ સ્પીડબોટમાંથી ગોળીબાર અને ગ્રેનેડ ફેંકતા મુન્દ્રા આવતા જહાજના સેન્ટ્રલ કમાન્ડ સેન્ટરને નુકસાન થયું હતું, જોકે ક્રૂ મેમ્બરો સુરક્ષિત છે. ઈરાની સેના (IRGC) એ દાવો કર્યો છે કે આ જહાજો પાસે જરૂરી મંજૂરીઓ નહોતી અને તેમણે નેવિગેશન સિસ્ટમ સાથે ચેડાં કર્યા હતા. બીજી તરફ, યુએસ અધિકારીઓએ આ ઘટનાને ઈરાનના 'મચ્છર કાફલા' (ઝડપી નાની બોટ) દ્વારા કરાયેલી ઉશ્કેરણી ગણાવી છે. આ કાર્યવાહી અમેરિકા દ્વારા ઈરાની જહાજ 'ટૌસ્કા' જપ્ત કરવાના જવાબમાં લેવાયેલું પગલું હોવાનું મનાય છે.

# નાઈજીરીયામાં બોકો આતંકવાદીઓએ ૧૧ ગ્રામજનોની હત્યા કરી ઘરો ફૂંકી માર્યા

મૈદુગુરી,તા.૨૩

ઉત્તર-પૂર્વ નાઈજીરીયાના એક અંતરિયાળ ગામમાં ઈસ્લામિક આતંકવાદીઓએ મોડી રાત્રે કરેલા હુમલામાં ૧૧ નિર્દોષ ગ્રામજનોના મોત નીપજ્યા છે અને અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બોર્નો રાજ્યના સામ્બિસા જંગલની સરહદે આવેલા પુબાગુ ગામમાં આ ભયાનક હિંસા આચરવામાં આવી હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ



અંધાધૂંધ ગોળીબાર કર્યા બાદ અનેક ઘરોને આગ ચાંપી દીધી હતી.

આ ક્રૂર હુમલા માટે આતંકવાદી સંગઠન 'બોકો હરામ'ને જવાબદાર માનવામાં આવે છે. સ્થાનિક કાઉન્સિલના અધ્યક્ષ મ્વાડા સૈદુ ઉબાએ જણાવ્યું કે, પુબાગુ ગામ અત્યાર સુધી સુરક્ષિત ગણાતું હતું, પરંતુ આતંકવાદીઓએ સુરક્ષા ખામીઓનો લાભ ઉઠાવી નિર્દોષોને નિશાન બનાવ્યા છે. નાઈજીરીયા છેલ્લા લાંબા સમયથી ઈસ્લામિક સ્ટેટ (ISWAP) અને બોકો હરામ જેવા આતંકવાદી જૂથો સામે સંઘર્ષ કરી રહ્યું છે. ગ્રામીણ વિસ્તારોમાં ખંડણી માટે અપહરણ અને હિંસાની વધતી ઘટનાઓએ આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા આ દેશમાં સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પડકારો ઊભા કર્યા છે.

### મજૂર રીલ્સ બનાવવાના ચક્કરમાં ટ્રેક્ટરને ઠેકડા મરાવતો હોવાથી ઠપકો આપ્યો હતો

# વડિયાના બરવાળા બાવીશી ગામે યુવકની પથ્થરના ઘા ઝીંકી નિર્મમ હત્યા

વડિયા,તા.૨૩

વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામની સીમમાં સોશિયલ મીડિયાના વળગણે એક હસતા-રમતા પરિવારનો માળો પીંખી નાખ્યો છે. ક્ષણિક આવેશ અને રીલ્સ બનાવવાની ઘેલછામાં એક ખેતમજૂરે પોતાના જ માલિકના પુત્રની નિર્મમ હત્યા કરી માનવતાને લાંછન લગાડ્યું છે. આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે, જ્યાં એક સામાન્ય ઠપકો યુવાન માટે કાળ સાબિત થયો હતો.ઘટનાની વિગત મુજબ, મૃતક કર્ણદેવ વાળા



રાત્રિના સમયે પોતાના ખેતરે હાજર હતા. તે સમયે ખેતરમાં મજૂરી કામ કરતો રવિ જેમાભાઈ કારોલીયા નામનો શખ્સ ખેતીકામ કરવાને બદલે સોશિયલ મીડિયા માટે રીલ્સ બનાવવામાં મશગૂલ હતો. રવિ બેફામ રીતે ટ્રેક્ટર ચલાવી તેને જોખમી રીતે હવામાં ઉછાળી રહ્યો હતો, જેથી કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેવા આશયથી કર્ણદેવે તેને કડક શબ્દોમાં ઠપકો આપ્યો હતો. જોકે, પોતાને મળેલા આ ઠપકાને રવિએ મનમાં ખાર બાંધી લીધો હતો અને વેર વાળવાનું નક્કી કર્યું હતું. જ્યારે કર્ણદેવ રાત્રિના સમયે પોતાના બાઈક પર સવાર થઈ ખેતરેથી ઘર તરફ જઈ રહ્યો હતો, ત્યારે માર્ગમાં ટાપી બેઠેલા રવિએ પાછળથી લોખંડની પાઈપ વડે હુમલો કરી તેમને નીચે પાડી દીધો હતો. રાક્ષસી વૃત્તિ ધારણ કરી ચુકેલા આરોપીએ "તને જીવતો નથી મૂકવો" તેમ કહી ગાળો ભાંડી હતી અને નિસહાય કર્ણદેવના માથા પર પથ્થરના ઉપરાછાપરી ઘા ઝીંકી તેમની હત્યા કરી નાખી હતી. ક્રૂરતાની હદ તો ત્યારે વટાવી જ્યારે તે હત્યા કર્યા બાદ મૃતકનું બાઈક લૂંટીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.પુત્રના મોતના સમાચાર મળતા જ પિતા અશોકભાઈ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. લોહીલુહાણ હાલતમાં વહાલસોયા દીકરાના મૃતદેહને ખોળામાં રાખીને પિતા જે રીતે નિઃશબ્દ બની ગયા હતા, તે દ્રશ્ય જોઈ પથ્થર દિલના માણસની આંખમાં પણ આંસુ આવી જાય તેમ હતું. વડિયા પોલીસે અશોકભાઈની ફરિયાદના આધારે હત્યા અને લૂંટનો ગુનો નોંધ્યો હતો.

### હત્યાનો આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો



વડીયાના બાવીસી બરવાળા ગામે ખેતી માલિકના પુત્રએ સામાન્ય બાબતમાં ઠપકો આપ્યા બાદ તેનો ખાર રાખી આરોપી રવિ જેમા કરોલીયાએ ખેડૂત પુત્રને પાઈપનો ઘા ઝીંકી દીધા બાદ પથ્થર લઈને તૂટી પડ્યો હતો. પથ્થરના એકસાથે ઘા મારતા ખેડૂત પુત્ર લોહીલુહાણ થઈ ગયો હતો તેથી ખેડૂતપુત્રને ઈજાગ્રસ્ત હાલતમાં ત્યાંજ છોડી આરોપી રવિ તેની બાઈક લઈને નાસી ગયો હતો. જો કે ત્યાં નિકળેલા અન્ય ખેડૂતોએ ઈજાગ્રસ્ત હાલતમાં કર્ણદેવને જોતા તાત્કાલિક તેમના પિતા અશોકભાઈ વાળાને જાણ કરતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કર્ણદેવને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે ડોકટરોએ તેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની ગંભીરતા સમજી પોલીસે તાત્કાલિક ફરાર આરોપી રવિ કારોલીયાને કુંકાવાવના કોલડા ગામ પાસેથી બાઈક સાથે ઝડપી પાડ્યો હતો.

# સુરતમાં વરાછાને કલંક ન લાગવું જોઈએ, પાટીદારો અને ભાજપનો અતૂટ સંબંધ: મનસુખ માંડવિયા

સુરત,તા.૨૩

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચાર માટે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ સુરતના મોટા વરાછામાં વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. પાટીદાર અને સૌરાષ્ટ્રીયન મતદારોને રીઝવતા તેમણે જણાવ્યું કે, પાટીદાર સમાજ અને ભાજપ વચ્ચે 'નાડી અને નાભિ' જેવો અતૂટ સંબંધ છે. તેમણે ભાવુક અપીલ કરતા કહ્યું કે, 'આપણું વરાછા હંમેશા ભાજપની પડખે રહ્યું છે, તેને કલંક ન લાગવું જોઈએ કે આ વિસ્તાર ભાજપ



સાથે નથી.'

માંડવિયાએ ૧૯૯૫ના સંઘર્ષના દિવસો યાદ કરતા જણાવ્યું કે, જ્યારે પક્ષ પાસે મર્યાદિત સાધનો હતા ત્યારે વરાછાના લોકોએ જ ભાજપના વિજયનું બીજ રોપ્યું હતું. વલજીભાઈ અને જીવરાજભાઈ જેવા આગેવાનોના યોગદાનને યાદ કરી તેમણે પાટીદાર સમાજને આ ગૌરવશાળી ઈતિહાસ જાળવી રાખવા અને સુરતની તમામ બેઠકો પર ભાજપને જંગી બહુમતીથી વિજયી બનાવવા આહવાન કર્યું હતું.

# અમદાવાદ શહેરમાં ઈન્સ્ટાગ્રામ સ્ટોરીના વિવાદમાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

અમદાવાદ,તા.૨૩



શહેરના જુહાપુરા વિસ્તારમાં સોશિયલ મીડિયાની સામાન્ય અદાવતે એક યુવાનનો ભોગ લીધો છે. ઈન્સ્ટાગ્રામ સ્ટોરી બાબતે થયેલા વિવાદમાં ૧૯ વર્ષીય મોહમ્મદ સાલીક શેખની તીક્ષ્ણ હથિયારથી નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ ઘટના ગત રાત્રે આઈશા મસ્જિદ પાસે બની હતી. પોલીસ તપાસ મુજબ, મૃતક અને આરોપી રેહાન પઠાણ વચ્ચે રમઝાન માસ દરમિયાન ઝઘડો થયો હતો. આ બાબતે સાલીકે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરતા ઉશ્કેરાયેલા આરોપીએ તેને આંતરીને છરીના બેફામ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓને કારણે યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વેજલપુર પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગણતરીના કલાકોમાં આરોપી રેહાનની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના લાખોટા તળાવમાં ડૂબી જવાથી બે માસૂમ બાળકોના કરુણ મોત

### દુર્ઘટનાઓ રોકવા માટે તળાવ ફરતે મજબૂત વાડ કે આડશ બનાવવાની માંગ

જામનગર,તા.૨૩

શહેરના પ્રખ્યાત લાખોટા તળાવમાં આજે ડૂબી જવાથી આશરે આઠ અને નવ વર્ષની વયના બે બાળકોના મોત નીપજ્યા છે. આ બાળકો દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક પરિવારોના હોવાનું જાણવા મળ્યું છે. ઉનાળાની ગરમીથી રાહત મેળવવા બાળકો તળાવમાં ન્હાવા પડ્યા હોવાનું અનુમાન છે.



ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી બંને માસૂમોના મૃતદેહો બહાર કાઢ્યા હતા અને પોસ્ટમોર્ટમ માટે જી.જી. હોસ્પિટલ ખસેડ્યા હતા. મજૂરી કામ કરતા પિતાઓ જ્યારે કામેથી પરત ફર્યા ત્યારે પુત્રોના મોતના સમાચાર સાંભળી સ્તબ્ધ થઈ ગયા હતા. સ્થાનિકોએ આવી દુર્ઘટનાઓ રોકવા માટે તળાવ ફરતે મજબૂત વાડ કે આડશ બનાવવાની માંગ કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.


કૉંગ્રેસ પાર્ટીનો અમરેલી નગરપાલીકાનો વિજય સંકલ્પ પત્ર

૫ વર્ષ, ૨૫ સપના, કૉંગ્રેસનો જન વિજય સંકલ્પ.

જીતશે કૉંગ્રેસ, જીતશે અમરેલી.

@મિશન_અમરવેલી_2026

"અમરવેલીની આવતીકાલ"

* કામનાથ સરોવર બ્યુટીફીકેશન પ્રોજેક્ટ
* રોકડીયા તળાવ બ્યુટીફીકેશન પ્રોજેક્ટ
* ઠેબી ડેમ સાઈટ બ્યુટીફીકેશન પ્રોજેક્ટ
* આધુનિક ઈ-લાઈબ્રેરીની સ્થાપના
* પ્રદૂષણ મુક્ત ગ્રીન અમરવેલીનો સંકલ્પ
* વડી-ઠેબી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ
* દરેક વોર્ડ વાઈઝ ફ્રિ વાઈફાઈ ઝોન
* ટ્રાફિક ટેરરીઝમથી મુક્તિનો સંકલ્પ
* રાહતદરે શ્રમયોગી અન્નપૂર્ણા યોજના
* દરેક ઘરે હરરોજ અને સ્વચ્છ પિવાનુ પાણી
* ભુગર્ભ ગટરની નિયમિત સફાઈનું અભિયાન
* મુખ્ય બજારમાં દરેક ૫૦૦ મીટરે ગ્રીન ટોઈલેટ
* દરેક ગલીએ અંધારું ઉલેચીને સ્ટ્રીટ લાઈટની સુવિધા
* સરકારી યોજનાઓને ઘરે ઘર સુધી પહોચાડવાનુ અભિયાન
* મુખ્ય બજારમાં મહિલાઓ માટે સ્પેશિયલ પિન્ક ટોઈલેટ
* ઈ ઓટો અને પિન્ક ઓટોને પ્રોત્સાહન સહાય યોજના.
* વિશ્વકર્મા માર્ગદર્શન અને સહાયતા કેન્દ્રનું આધુનિકરણ
* દરેક વોર્ડ વાઈઝ કોમન પ્લોટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ
* દરેક વોર્ડ વાઈઝ ધર્મ સ્થાન બ્યુટીફીકેશન પ્રોજેક્ટ
* નગર પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓનુ આધુનિકરણ
* ઘરે ઘીરેથી કચરાનો કાયમી અને નિયમિત નિકાલ
* સ્થાનિક કરવેરામાં રાહત અને માફી યોજના
* સ્થાનિક પ્રશ્નોના નિકાલ માટે વોર્ડ દીઠ લોકસેવા કેન્દ્રની સ્થાપના
* રખડતાં ભટકતાં પશુઓ ઉપર નિયંત્રણ અને નિભાવણી યોજના

*રૂ.100નુ સોનેરી સોગંદનામુ, કાર્યકર બનીને રહીશું, કોન્ટ્રાકટર નહીં.

સત્તાની નહીં, સ્વાર્થની નહીં, આ લડાઈ છે, જન સ્વાભિમાનની.

ના કોઈને નડીશુ, તમારા માટે લડીશું, સૌના કામ કર્યા, સૌના કામ કરીશું.

અમરેલી શહેર કૉંગ્રેસ સમિતિ





